# રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 15 | Issue : 437 | Dt. 23-09-2026 | Page : 08 | Price : Rs 3 | RNI No. GUJGUJ/2009/30906 RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


# સમુદ્રમાં મળ્યો ગેસનો ભંડાર

## સંકટની ઘડીમાં 'સમુદ્ર મંથન' અભિયાન હેઠળ ભારતને મહાનદી બેસિનમાં મળી ઐતિહાસિક સફળતા



નવી દિલ્હી, તા.૨૨

મધ્યપૂર્વના દેશોમાં જ્યારે ભયાનક સ્તરે યુદ્ધ પહોંચી ગયું છે અને એક પછી એક દેશોમાં ઓઈલ તથા ઊર્જાની ગંભીર અછત વર્તાઈ રહી છે, ત્યારે ભારત માટે એક ખૂબ જ મોટા અને રાહતના સમાચાર સામે આવ્યા છે. ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) ને દેશ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક સફળતા મળી છે, જેમાં ઓડિશાના દરિયાકાંઠાથી આશરે ૪૩ કિલોમીટર દૂર મહાનદી બેસિનમાં ઊંડા સમુદ્રમાં કુદરતી ગેસનો નવો અને વિશાળ ભંડાર શોધી કાઢવામાં આવ્યો છે.

ગત ૧૮ સપ્ટેમ્બરના રોજ 'MDW ૨૮' નામના કૂવામાં આ મોટી શોધ થઈ હતી, જ્યાંથી છેલ્લા ત્રણ દિવસથી સતત ખૂબ જ સારા દબાણ અને અત્યંત ઝડપ સાથે કુદરતી ગેસ બહાર નીકળી રહ્યો છે. ભારત માટે આ શોધ આર્થિક અને વ્યાવસાયિક દ્રષ્ટિએ ખૂબ જ મહત્વની માનવામાં આવે છે, કારણ કે આ ભંડારના પરિણામે દેશના વિદેશી તેલ અને ગેસના આયાત બિલમાં ભવિષ્યમાં મોટો ઘટાડો થવાની પ્રબળ આશા છે, જોકે આ કૂવામાં કુલ કેટલો ગેસ રહેલો છે અને તેનું વ્યાવસાયિક ઉત્પાદન ભારત માટે કેટલું ફાયદાકારક રહેશે તે અંગેની સત્તાવાર માહિતી અને આંકડાઓ વધુ ઉંડાણપૂર્વકની તપાસ કર્યા બાદ જ જાહેર કરવામાં આવશે.

નોંધનીય છે કે કેન્દ્ર સરકારે જુલાઈ માસમાં ૮૪,૦૮૪ કરોડ રૂપિયાના માતબર બજેટ સાથે વર્ષ ૨૦૩૦-૩૧ સુધી ચાલનારા અત્યંત મહત્વાકાંક્ષી 'સમુદ્ર મંથન' અભિયાનને લીલી ઝંડી આપી હતી, જેનો મુખ્ય હેતુ દેશના અણછૂયેલા અને અકબંધ ઊંડા સમુદ્રી વિસ્તારોમાંથી હાઈડ્રોકાર્બન અને ઊર્જાના નવા સ્રોત શોધવાનો છે. આ મોટા પ્રોજેક્ટ હેઠળ ૨૫ જુલાઈના રોજ આધુનિક ટેકનોલોજીથી કૂવાનું ખોદકામ શરૂ કરવામાં આવ્યું હતું અને મહાનદી બેસિનમાં ખોદવામાં આવનારા ચાર મુખ્ય કૂવાઓમાંથી આ 'MDW ૨૮' પ્રથમ કૂવો છે.

જેમાં પહેલા જ પ્રયાસે ONGCને આટલી મોટી સફળતા હાથ લાગી છે. આ જ્વલંત સિદ્ધિ અંગે પ્રતિક્રિયા આપતા પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ આ મહામૂલી શોધને 'આત્મનિર્ભર ભારત' તરફનું એક ખૂબ જ મોટું અને નિર્ણાયક કદમ ગણાવ્યું હતું, તેમજ તેમણે ઉમેર્યું હતું કે અગાઉ વર્ષ ૨૦૨૪ની શરૂઆતમાં આ જ વિસ્તારમાં થયેલી 'ઉત્કલ' અને 'કોણાર્ક' ગેસની અગાઉની શોધો સાથે મળીને, હવે આ નવી શોધથી એકીકૃત સુવિધાઓ દ્વારા ભવિષ્યમાં ગેસનું ઉત્પાદન વધુ ઝડપી અને પ્રમાણમાં ઘણા ઓછા ખર્ચે શક્ય બનશે.

### ૩ નરાધમોએ કિશોરી પર આચર્યું સામૂહિક દુષ્કર્મ, એકનું એન્કાઉન્ટર

# દિલ્હીમાં ત્રણ નકલી પોલીસનો ગેંગરેપ



નવી દિલ્હી, તા.૨૨

દેશની રાજધાની દિલ્હીના દક્ષિણ-પૂર્વ વિસ્તારમાં આવેલ પ્રસિદ્ધ કાલકાજી મંદિર નજીક એક ૧૭ વર્ષની સગીરા સાથે સામૂહિક દુષ્કર્મની શરમનાક ઘટના સામે આવી છે. આસ્થા કુંજ પાર્કમાં બની આ ઘટના બાદ દિલ્હી પોલીસે ત્વરિત અને આકરી કાર્યવાહી કરી છે. પોલીસે મોડી રાત્રે અમર કોલોની વિસ્તારમાં એન્કાઉન્ટર બાદ ગેંગરેપના મુખ્ય આરોપીઓમાંથી એક આસિફ નામના બદમાશની ધરપકડ કરી લીધી છે.

પોલીસ અહેવાલ અનુસાર, સોમવારે સાંજે આશરે ૭ વાગ્યે ૧૭ વર્ષની પીડિત કિશોરી તેના મિત્ર સાથે કાલકાજી મંદિરે દર્શન કરવા ગઈ હતી. દર્શન કર્યા બાદ બંને આશરે ૭-૩૦ વાગ્યે પાસેના આસ્થા કુંજ પાર્કમાં બેઠા હતા. આ દરમિયાન ૨૫-૩૦ વર્ષની વયના ત્રણ અજાણ્યા યુવકો ત્યાં પહોંચ્યા હતા. પોતાને પોલીસકર્મી ગણાવીને તેમણે બંને સગીરોને ધમકાવવાનું શરૂ કર્યું હતું.

આરોપીઓ પૈકી એક શખ્સે સગીર છોકરાને પકડી રાખ્યો હતો અને ત્યારબાદ ત્રણેય આરોપીઓએ સગીરા પર સામૂહિક આચર્યું હતું. ઘટનાને અંજામ આપ્યા બાદ ત્રણેય નરાધમો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. રાત્રે પોણા નવ વાગ્યે પીસીઆર કોલ મળતાં જ પોલીસ ટીમ તાત્કાલિક પાર્ક ખાતે પહોંચી હતી અને પીડિતાને મેડિકલ તપાસ માટે હોસ્પિટલ ખસેડી હતી.

દિલ્હી પોલીસે આ કેસમાં પોક્સો એક્ટ અને બળાત્કારની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી. આસપાસના સીસીટીવી ફુટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસે અમર કોલોની વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. આ દરમિયાન થયેલા એન્કાઉન્ટરમાં ઓખલા મંડીમાં કામ કરતો આસિફ નામનો આરોપી પકડાઈ ગયો હતો. દિલ્હી પોલીસ બાકીના બે ફરાર આરોપીઓને પકડવા માટે સતત દરોડા પાડી રહી છે.

### વિશ્વાસઘાતની કલમો હટાવી દેવામાં આવે તો મહત્તમ સજા ૭ વર્ષની

# રામ મંદિર દાન ચોરી કેસમાં ૩ આરોપીના જામીન નામંજૂર

## ૮માંથી ૬ આરોપીઓની અરજી નામંજૂર; સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમને તપાસમાં ચોરીના ૧૦૫ કિસ્સા મળ્યા



નવી દિલ્હી, તા.૨૨

અયોધ્યાના રામ મંદિરમાં ચઢાવાની ચોરીના મામલામાં મંગળવારે કોર્ટે અનૂપ મિશ્રા, લવકુશ અને કરુણેશ પાંડેની જામીન અરજી નામંજૂર કરી છે. અગાઉ ફગાવી દેવાયેલી અન્ય ત્રણ આરોપીઓની અરજીઓના આધારે જ કોર્ટે આ વધુ ત્રણ આરોપીઓની અરજીઓ ફગાવી દીધી છે.

આ કેસમાં કુલ ૮ આરોપીઓ સામેલ છે, જેમાંથી અત્યાર સુધીમાં ૬ આરોપીઓની જામીન અરજી નામંજૂર થઈ ચૂકી છે. બાકી બચેલા બે આરોપીઓ (સુભાષ ચંદ્ર શ્રીવાસ્તવ અને ટીનૂ યાદવ) ની અરજી પર બુધવારે સુનાવણી થશે. નીચલી અદાલતમાંથી રાહત ન મળતા બચાવ પક્ષ હવે હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરવાની તૈયારી કરી રહ્યો છે. બચાવ પક્ષની દલીલ છે કે આરોપીઓ સરકારી કર્મચારી ન હોવાથી તેમની પર ભ્રષ્ટાચાર અને સરકારી કર્મચારી દ્વારા વિશ્વાસઘાતની કલમો લાગુ પડતી નથી. જો આ બે જોગવાઈઓ હટાવી દેવામાં આવે તો મહત્તમ સજા ૭ વર્ષની થાય છે, જેથી કોઈ વિશેષ પરિસ્થિતિ ન હોય તો આરોપીઓને જામીન આપી શકાય છે. બચાવ પક્ષ હવે તપાસ અધિકારીની ચાર્જશીટનો અભ્યાસ કરી કલમોમાં થયેલા ફેરફાર મુજબ આગળની વ્યૂહરચના ઘડશે.

સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ એ સોમવારે સુપ્રીમ કોર્ટમાં રજૂ કરેલા રિપોર્ટમાં જણાવ્યું છે કે મંદિરના કાઉન્ટિંગ રૂમમાંથી પરવાનગી વગર પૈસા કાઢવા કે છુપાવવાના કુલ ૧૦૫ કિસ્સા સામે આવ્યા છે. ગણતરી પ્રક્રિયામાં સામેલ અન્ય લોકોની પણ આમાં મદદ લેવાઈ હોવાનું તપાસમાં ખુલ્યું છે. ના સ્ટેટસ રિપોર્ટ મુજબ, આઠેય આરોપીઓના બેંક ખાતામાં કોઈ સ્પષ્ટ કારણ વગર પૈસા જમા થયા છે. ટીમે આરોપીઓ દ્વારા કથિત ચોરીના પૈસાથી ખરીદવામાં આવેલી જંગમ અને સ્થાવર મિલકતોની ઓળખ કરી લીધી છે અને રિકવરી માટેના પ્રયાસો અંગેની માહિતી કોર્ટને પૂરી પાડી છે.

# કેન્સરની ૨૭૦૦ની દવાના ૨૭ હજાર?

## સુપ્રીમ કોર્ટે ધોળા દિવસની ગણાવી લુંટ : દવાઓની MRP સાથે જોડાયેલી અરજી પર સુપ્રીમમાં સુનાવણી




નવી દિલ્હી, તા.૨૨

સુપ્રીમ કોર્ટે કેન્સરની દવાઓ પર ૧૦ ગણી વધુ કિંમત વસૂલવાને 'ધોળા દિવસે લૂંટ' ગણાવી છે. કેન્સરની દવાઓની MRP સાથે જોડાયેલી એક અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી, જેમાં કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે કેન્સરની જરૂરી દવાઓ ₹૨૭,૦૦૦માં વેચાઈ રહી છે, જ્યારે તેમની PTR (રીટેલરને મળતી કિંમત) માત્ર ₹૨,૭૦૦ છે. આ ધોળા દિવસે લૂંટ છે. દર્દીને એવી દવા માટે કેવી રીતે ઠગી શકાય, જેને બનાવનારી કંપની રીટેલરને ₹૨,૭૦૦માં વેચે છે, પરંતુ તેના પર MRP ₹૨૭,૦૦૦ છાપવામાં આવે છે એટલે કે ૧૦ ગણી વધુ. જસ્ટિસ સંદીપ મહેતાએ સુનાવણી દરમિયાન કહ્યું કે, નવાઈની વાત એ છે કે જે અધિકારીઓએ આના પર નિર્ણય લેવો જોઈએ, તેઓ સંપૂર્ણપણે મૌન છે. તેમણે ઉમેર્યું કે અમારે આનું કારણ આપવાની જરૂર નથી.

સુપ્રીમ કોર્ટે વધુમાં કહ્યું, 'જ્યારે દર્દીઓ આયુષ(AYUSH) સ્કીમ હેઠળ સારવાર કરાવી રહ્યા હોય છે, ત્યારે તેનો પૂરો ખર્ચ કરદાતાઓએ (ટેક્સપેયર્સ) ભોગવવો પડે છે. હોસ્પિટલો આ ઊંચી કિંમતો પર દવાઓ ખરીદે છે, અને પછી સરકાર પાસેથી તેના પૈસા રી-ઈમ્બર્સ(પાછા) મેળવે છે. આખરે આ કરદાતાઓના જ પૈસા છે. આ સ્પષ્ટપણે છેતરપિંડીનો મામલો છે'. સુપ્રીમ કોર્ટે એ વાત પર ભાર મૂક્યો કે દવા ઉત્પાદકો અને સપ્લાય ચેઈનને અનુચિત પ્રોફિટ માર્જિન કમાવવાની છૂટ આપવામાં આવે છે, જ્યારે નિયામક સંસ્થાઓ (રેગ્યુલેટરી બોડીઝ) બીજી તરફ જોતી રહે છે, જેના કારણે ગંભીર બીમારીઓ સામે લડી રહેલા પરિવારો ગંભીર નાણાકીય સંકટમાં ફસાઈ જાય છે.

### છેતરપિંડી રોકવા તાત્કાલિક નિયમનકારી હસ્તક્ષેપની જરૂર

કોર્ટના જણાવ્યા અનુસાર, ખાનગી હોસ્પિટલો અને વિતરકો ઓછી જથ્થાબંધ કિંમતે દવાઓ ખરીદીને અને વધારેલી મહત્તમ છૂટક કિંમત (MRP) પર રી-ઈમ્બર્સમેન્ટનો દાવો કરીને કરદાતાઓના પૈસાથી ચાલતી આરોગ્ય સેવાઓમાંથી ભારે સબસીડી વસૂલે છે. અદાલતે સંકેત આપ્યો કે જીવનરક્ષક દવાઓ પર પ્રોફિટ માર્જિનને મર્યાદિત કરવા અને ખાનગી તથા સરકારી સહાયતા પ્રાપ્ત તબીબી સારવાર બંનેમાં વ્યાપક નાણાકીય છેતરપિંડી રોકવા માટે તાત્કાલિક નિયમનકારી હસ્તક્ષેપની (રેગ્યુલેટરી ઇન્ટરવેન્શન) જરૂર છે.

# પેઇનકિલર્સ-એન્ટિબાયોટિક્સ દવાઓ માટે નવી ગાઇડલાઇન

## દર્દીઓ, ડોક્ટરો અને ફાર્માસિસ્ટ માટે સરકારની કડક સૂચનાઓ : વિક્રેતાઓએ પણ નિયમોનું ચુસ્ત પાલન કરવું



નવી દિલ્હી, તા.૨૨

સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઇઝેશન(CDSCO)ના ન્યૂ ડ્રગ્સ ડિવિઝને દુઃખાવાની દવાઓ(NSAIDs) અને એન્ટિબાયોટિક્સના અંધાધૂંધ ઉપયોગ અંગે પરિપત્ર બહાર પાડ્યો છે. પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે ગજઅંઈઉત અને એન્ટિબાયોટિક્સ સહિત તમામ દવાઓના આયાત, ઉત્પાદન, વેચાણ અને વિતરણને ડ્રગ્સ ઍન્ડ કોસ્મેટિક્સ ઍક્ટ, ૧૯૪૦ અને તેના હેઠળ બનાવવામાં આવેલા નિયમો અનુસાર નિયંત્રિત કરવામાં આવે છે.

સરકારના જણાવ્યા અનુસાર, ગજઅંઈઉત અને એન્ટિબાયોટિક્સ સહિત તમામ દવાઓનું વેચાણ અને વિતરણ દેશમાં માત્ર રજિસ્ટર્ડ તબીબી વ્યાવસાયિક (ડોક્ટર) અથવા નિષ્ણાતની સલાહ પર જ થવું જોઈએ. દવાઓના સંભવિત જોખમોને ધ્યાનમાં રાખીને, ગજઅંઈઉત અને એન્ટિબાયોટિક્સ સહિતની ઘણી દવાઓને ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫ હેઠળ રાખવામાં આવી છે. આ માટે યોગ્ય તબીબી દેખરેખ જરૂરી છે.

CDSCO મુજબ, આવી દવાઓ પર ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫ના નિયમ ૯૭ અનુસાર નિર્ધારિત ચેતવણી, સાવચેતીઓ અને વેચાણની શરતો પણ દર્શાવવી જરૂરી છે. પરિપત્ર અનુસાર, મોટાભાગની પેઇનકિલર દવાઓને ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫ની અનુસૂચિ ઈમાં સામેલ કરવામાં આવી છે. તેથી રજિસ્ટર્ડ તબીબના પ્રિસ્ક્રિપ્શન વગર તેને રિટેલ સ્તરે વેચી શકાય નહીં. તેવી જ રીતે, મોટાભાગની એન્ટિબાયોટિક દવાઓ અનુસૂચિ H1માં સામેલ છે. તેમના પર એ ચેતવણી લખવી જરૂરી છે કે તબીબી સલાહ મુજબના ઉપયોગ સિવાય આ દવાઓનું સેવન જોખમી હોઈ શકે છે. સાથે જ, રજિસ્ટર્ડ તબીબના પ્રિસ્ક્રિપ્શન વગર તેને રિટેલ સ્તરે ન વેચવી જોઈએ.

સરકારે જણાવ્યું કે આ દવાઓનો ઉપયોગ ત્યારે જ કરવો જોઈએ, જ્યારે તબીબી રીતે તેની જરૂરિયાત હોય. દવાની યોગ્ય માત્રા (ડોઝ) અને યોગ્ય સમયગાળાનું પણ ધ્યાન રાખવું જોઈએ અને તેનો ઉપયોગ રજિસ્ટર્ડ તબીબી વ્યાવસાયિકની દેખરેખ હેઠળ થવો જોઈએ. સરકારે સામાન્ય લોકોને સલાહ આપી છે કે તબીબી સલાહ વિના પેઇનકિલર્સ અને એન્ટિબાયોટિક્સનો મનસ્વી રીતે, વારંવાર અથવા લાંબા સમય સુધી ઉપયોગ ન કરવો.એન્ટિબાયોટિક્સનો ઉપયોગ જાતે સારવાર (સેલ્ફ-મેડિકેશન) કરવા માટે ન કરવો જોઈએ. એવી પરિસ્થિતિઓમાં પણ તેનો ઉપયોગ ન થવો જોઈએ, જ્યાં તબીબી રીતે એન્ટિબાયોટિકની જરૂર નથી. જેમાં મોટાભાગે સામાન્ય વાયરલ ઇન્ફેક્શનનો સમાવેશ થાય છે. ડોક્ટર અથવા અન્ય હેલ્થ પ્રોફેશનલ દ્વારા લખવામાં આવેલી એન્ટિબાયોટિક દવા જણાવેલ પદ્ધતિ મુજબ જ લેવી જોઈએ. તેને બીજા કોઈ વ્યક્તિ સાથે શેર ન કરવી જોઈએ અને વધેલી દવાનો ફરીથી ઉપયોગ ન કરવો જોઈએ.જે લોકોને પહેલેથી જ કિડનીની બીમારી છે અથવા કિડનીની કાર્યક્ષમતા પ્રભાવિત થવાનું અન્ય કોઈ જોખમ છે, તેમણે પેઇનકિલર દવાઓ લેતાં પહેલા તેમના હેલ્થ પ્રોફેશનલને આ અંગે જાણ કરવાની સલાહ આપવામાં આવી છે. સરકારે કહ્યું છે કે જો દુખાવો, તાવ અથવા અન્ય લક્ષણો ચાલુ રહે અથવા વારંવાર પાછા આવે, તો લોકોએ જાતે જ વારંવાર પેઇનકિલર્સ અથવા એન્ટિબાયોટિક્સ લેવાને બદલે તબીબી સલાહ લેવી જોઈએ.

### ડોક્ટરો માટે શું સૂચનાઓ છે?

હેલ્થ પ્રોફેશનલ્સને પેઇનકિલર દવાઓ અને એન્ટિબાયોટિક્સ ત્યારે જ લખવાની સલાહ આપવામાં આવી છે, જ્યારે તબીબી રીતે તેની જરૂર હોય. દવા લખતી વખતે દર્દીની સ્થિતિ, ઉંમર, અન્ય બીમારીઓ, સાથે ચાલી રહેલી દવાઓ અને સંબંધિત જોખમોને ધ્યાનમાં રાખવા માટે કહેવામાં આવ્યું છે. પેઇનકિલર દવાઓ લખતી વખતે, ખાસ કરીને કિડનીની સમસ્યાના વધુ જોખમ ધરાવતા દર્દીઓમાં, ન્યૂનતમ અસરકારક ડોઝ અને ઓછામાં ઓછા યોગ્ય સમયગાળાને પ્રાધાન્ય આપવાની સલાહ આપવામાં આવી છે. કિડનીની કાર્યક્ષમતા પ્રભાવિત થવી, શરીરમાં પાણીની કમી (ડીહાઈડ્રેશન), હૃદય સંબંધિત બીમારી અથવા પેઇનકિલર્સથી જોડાયેલા જોખમો વધારતી અન્ય સ્થિતિઓ ધરાવતા દર્દીઓમાં યોગ્ય સાવચેતી રાખવા જણાવવામાં આવ્યું છે. એન્ટિબાયોટિક્સ લખતી વખતે પણ સાવચેતી રાખવા અને એન્ટિમાઇક્રોબાયલ સ્ટેવર્ડશિપના લાગુ સિદ્ધાંતોનું પાલન કરવાની સલાહ આપવામાં આવી છે. જેમાં ચેપ ફેલાવતા સંભવિત બેક્ટેરિયા, ચેપનું સ્થાન અને તેની ગંભીરતાને ધ્યાનમાં રાખવાની વાત કહેવામાં આવી છે. જ્યાં જરૂરી હોય ત્યાં સંબંધિત માઇક્રોબાયોલોજિકલ તપાસ અને સ્થાનિક સ્તરે દવાઓ સામેની સંવેદનશીલતાના પેટર્નને પણ ધ્યાનમાં રાખવા જણાવવામાં આવ્યું છે. સરકારે બિનજરૂરી કોમ્બિનેશન ધરાવતી દવાઓ, ખોટી એન્ટિબાયોટિકની પસંદગી, ખોટો ડોઝ અને જરૂરિયાત કરતાં વધુ લાંબા સમય સુધી એન્ટિબાયોટિક્સ આપવાનું ટાળવાની સલાહ આપી છે.

# ભાજપમાં મોટા પાયે સંગઠનાત્મક ફેરફાર

## ૩ જિલ્લાના નવા પ્રમુખો અને બક્ષીપંચ મોરચાની ટીમ જાહેર : ગુજરાત ભાજપમાં સંગઠનાત્મક ફેરફારો અંતર્ગત ડાંગ, ભરૂચ અને નર્મદાના નવા પ્રમુખો તથા બક્ષીપંચ મોરચાની નવી પ્રદેશ ટીમ જાહેર કરવામાં આવી છે

રાજકોટ તા. ૨૨

ગુજરાત ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનને વધુ મજબૂત, ધારદાર અને સર્વસમાજવ્યાપી બનાવવાના વ્યાપક અભિયાન અંતર્ગત મહત્વના સંગઠનાત્મક ફેરફારો કરવામાં આવ્યા છે. પ્રદેશ ભાજપના મોવડી મંડળની સૂચના અને માર્ગદર્શન હેઠળ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ રાજ્યમાં ૩ જિલ્લાના નવા ભાજપ પ્રમુખો, પ્રદેશ બક્ષીપંચ મોરચાની નવી કારોબારી ટીમ, વિંગ્સ (આઈ.ટી., સોશિયલ મીડિયા, મીડિયા) તેમજ વડાપ્રધાનના લોકપ્રિય કાર્યક્રમ 'મન કી બાત' માટે ઝોનલ ટીમની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. પ્રદેશ મહામંત્રી ડો. પ્રશાંત કોરાટ અને બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ માનસિંહ પરમાર દ્વારા આ યાદી જાહેર કરાઈ છે.

રાજ્યમાં સંગઠનાત્મક કામગીરીને વધુ વેગ આપવા અને ગ્રામીણ સ્તરે પકડ મજબૂત કરવાના હેતુસર પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા દ્વારા ત્રણ મહત્વના જિલ્લાઓમાં નવા પ્રમુખોની ઘોષણા કરવામાં આવી છે. આ તમામ નવનિયુક્ત પ્રમુખો તાત્કાલિક અસરથી પોતાની જવાબદારી સંભાળી લીધી છે. ડાંગ જિલ્લામાં સુરેશભાઈ મોતીરામભાઈ ચૌધરી, ભરૂચ જિલ્લામાં પરેશભાઈ કાંતિભાઈ લાડ અને નર્મદા જિલ્લામાં શબ્દશરણ ભાઈલાલભાઈ તડવીની નિમણુક કરાઈ છે.

સમાજના તમામ વર્ગોને સંગઠનમાં યોગ્ય પ્રતિનિધિત્વ પૂરું પાડવા માટે બક્ષીપંચ મોરચાના પ્રદેશ અધ્યક્ષ અને સાંસદ માનસિંહ પરમારની આગેવાની હેઠળ પ્રદેશ કારોબારીની વિસ્તૃત યાદી જાહેર કરવામાં આવી છે, જેમાં પ્રદેશ પદાધિકારીઓની વરણી કરાઈ છે. જેમાં પ્રદેશ ઉપાધ્યક્ષો તરીકે પ્રકાશભાઈ નરહરીલાલ મોદી (ભરૂચ), નીલકુમાર પ્રેમચરણ રાવ (નર્મદા), ભરતભાઈ મેર (ભાવનગર જિલ્લો), મોમાયાભાઈ ગઢવી (કચ્છ), રામસિંહભાઈ ગોરિયા (દેવભૂમિ દ્વારકા), દિનેશભાઈ પટેલ (નવસારી), ભૂપેન્દ્રભાઈ બસીયા (અમરેલી) અને દિનેશભાઈ મેવાડા (બનાસકાંઠા)ની



નિમણુક કરવામાં આવી છે.

પ્રદેશ મહામંત્રીઓ તરીકે રાજુભાઈ ચૌધરી (પટેલ-અરવલ્લી), અનિમેષભાઈ માળી (સુરત શહેર), અને તેજલબેન નાઈ (ગાંધીનગર શહેર)ની વરણી કરવામાં આવી છે. પ્રદેશ મંત્રીઓ તરીકે ગીતાબેન નિર્મળસિંહ ચૌહાણ (દાહોદ), ગૌતમભાઈ ગોસ્વામી (રાજકોટ શહેર), હસમુખભાઈ છોટાભાઈ બારીયા (છોટાઉદેપુર), દિનેશભાઈ પ્રજાપતિ (વલસાડ), શૈલેષભાઈ ધોપાલ (સુરેન્દ્રનગર), વિજયસિંહ વણજારા (સાબરકાંઠા), દિનેશભાઈ રાયમલ દેસાઈ (મહેસાણા), અને ગણપતભાઈ પઢીયાર (આણંદ) નિમાયા છે.

કોષાધ્યક્ષ અને કાર્યાલય મંત્રી તરીકે પ્રદેશ કોષાધ્યક્ષ તરીકે ડો. સુનીલભાઈ કહાર (વડોદરા શહેર) તથા પ્રદેશ કાર્યાલય મંત્રી તરીકે નિલેશભાઈ જણસારી (કર્ણાવતી)ની જવાબદારી સોંપવામાં આવી છે.આજના ડિજિટલ યુગમાં પક્ષના વિચારો અને કામો જનતા સુધી ઝડપથી પહોંચાડવા માટે મોરચા અંતર્ગત ડિજિટલ વિંગની પણ પુનર્રચના કરવામાં આવી છે.આઈ.ટી. વિભાગમાં સંયોજક તરીકે જિગર ભીખુભાઈ નાયક (કર્ણાવતી) અને સહ સંયોજક તરીકે દિવ્યેશ હસમુખભાઈ પંચાલ (ગાંધીનગર જિ.)ની વરણી કરાઈ છે. સોશિયલ મીડિયા વિભાગના સંયોજક તરીકે બાબાભાઈ જીવાભાઈ રબારી (નવસારી) અને સહ સંયોજક તરીકે પ્રતીક (કિશન) સી. બારોટ (મહેસાણા) અને મીડિયા વિભાગમાં સંયોજક તરીકે નરેશભાઈ ભોગીલાલ નાગોરા (કર્ણાવતી) અને સહ સંયોજક તરીકે પ્રકાશભાઈ રામી (અમદાવાદ જિ.)કરવામાં આવી છે.

### 'મન કી બાત' કાર્યક્રમના સુચારુ સંચાલન માટે વિશેષ ઝોનલ ટીમ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અત્યંત લોકપ્રિય અને જનસંવાદ કાર્યક્રમ 'મન કી બાત' નો દિવ્ય સંદેશો ગુજરાતના ગામે-ગામ અને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે અનુભવી નેતાઓની ઝોનલ ટીમ કાર્યરત કરવામાં આવી છે.જેમાં પ્રભારી (પ્રદેશ પ્રવાસ, બેઠક અને મન કી બાત માટે સુરેશભાઈ પટેલ (પૂર્વ ધારાસભ્ય, કર્ણાવતી) પ્રદેશ સંયોજક તરીકે મનીષભાઈ પટેલ (કર્ણાવતી), દક્ષિણ ઝોન સહસંયોજક તરીકે નિરવભાઈ શાહ (સુરત શહેર), મધ્ય ઝોન સહસંયોજક તરીકે મયૂરભાઈ સુથાર (આણંદ), ઉત્તર ઝોન સહસંયોજક તરીકે મયૂરભાઈ પટેલ (મહેસાણા), સૌરાષ્ટ્ર ઝોન-૧ સહસંયોજક તરીકે પૃથ્વીરાજસિંહ વાળા (રાજકોટ જિ.)ને જવાબદારી સોંપાઈ છે, તેમજ સૌરાષ્ટ્ર ઝોન-૨ સહસંયોજક તરીકે હરેન્દ્રસિંહ ગોહિલ (ભાવનગર શહેર)ની નિમણુક કરી કરાઈ છે.

### સર્વસમાજનું સશક્તિકરણ અને જનકલ્યાણ જ મૂળમંત્ર

આ સંગઠનાત્મક ફેરફારો અને નવી નિમણૂકો અંગે વિગતવાર માહિતી આપતા પાર્ટીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીમાં સંગઠનાત્મક પરિવર્તન એ એક નિરંતર અને ગતિશીલ પ્રક્રિયા છે. ભાજપનો મુખ્ય મંત્ર હંમેશા 'સૌનો સાથ, સૌનો વિકાસ' રહ્યો છે. સમાજના તમામ નાના-મોટા વર્ગો, સમુદાયો અને યુવાનોને રાજકીય તથા સામાજિક પ્રક્રિયામાં સક્રિયપણે જોડીને કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ ગરીબમાં ગરીબ વ્યકિત સુધી પહોંચાડવા આ પદાધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. પક્ષમાં હોદ્દો એ માત્ર પદ નથી, પરંતુ જનસેવા અને સંગઠનને વધુ મજબૂત બનાવવાની એક પવિત્ર કટિબદ્ધતા છે.

## ફોર્ચ્યુનરમાં એમપીથી દારૂ ભરી કુવાડવા આવ્યો અને પકડાઇ ગયો

### કુવાડવા પોલીસે દરોડો પાડી પોણા ત્રણ લાખનો દારૂ અને કાર કબ્જે કર્યા





રાજકોટ તા. ૨૨

કુવાડવા ગામમાં મીડલ સ્કૂલ સામેની શેરીમાં રહેતાં અને ડ્રાઈવીંગ કરતાં મહેશ નાનજીભાઈ રંગપરા નામના શખ્સને તેના ઘર પાસે તે ફોર્ચ્યુનર કારમાંથી દારૂ-બીયરનો જથ્થો ઉતારતો હતો ત્યારે જ કુવાડવા રોડ પોલીસે દરોડો પાડી ઝડપી લઇ તેની કારમાંથી, ઘરમાંથી રૂા. ૨,૮૭,૯૨૫નો ૭૭૬ બોટલ, ચપલા કબ્જે કરી તેની ધરપકડ કરી છે. કાર મળી કુલ ૩૮,૧૮,૮૨૫નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. એમપી તરફથી આ દારૂ લાવ્યાનું તે રટણ કરતો હતો.

વિગતો જોઈએ તો કુવાડવા રોડ પોલીસની ટીમ દારૂ જૂગારની પ્રવૃતિ ડામવા પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ. ભાવેશભાઇ મકવાણા, જયદીપભાઇ ધોળકીયા, કુશલભાઇ જોષીને બાતમી મળતાં કુવાડવા ગામ મીડી સ્કૂલ સામેની શેરીમાં દરોડો પાડ્યો હતો. અહિ રહેતાં મહેશ રંગપરાના ઘરમાંથી લંડન પ્રાઇડ, રોયલ ચેલેન્જ, રીટ્ઝ, સીગ્નેચર, જામુન મીન્ટ ફલવેરના વોડકા તેમજ ૭૫૦ એમએલની બોટલો, બડવાઈઝર અને માઉન્ટ ૬૦૦૦ બ્રાન્ડના બીયરના ટીનનો જથ્થો કબ્જે કર્યો હતો. તેની ફોર્ચ્યુનર કારમાંથી પણ દારૂ મળી આવ્યો હોઇ કાર પણ કબ્જે કરાઇ હતી. અગાઉ પણ આ શખ્સને પોલીસે દારૂ સાથે પકડ્યો હતો. ડીસીપી હેતલ પટેલ, એસીપી વી. બી. જાડેજાની સુચના અને પીઆઇ એ. એન. જાનીની રાહબરીમાં એએસઆઇ ખોડુભા જાડેજા, હેડકોન્સ. મહેશભાઇ રબારી, કોન્સ. ભાવેશભાઇ મકવાણા, જયદીપભાઇ ધોળકીયા, કુશલભાઇ જોષી, અરવિંદસિંહ ગોહિલ, મેહુલસિંહ ચુડાસમા, જયપાલભાઇ બરાળીયા, પિન્ટુભાઇ હીરપરા સહિતે આ કામગીરી કરી હતી. વધુ તપાસમાટે રીમાન્ડની કાર્યવાહી કરવામાં આવી હતી.

## ક્લીનીકની જાહેરાત કરી દર્દી ગોતી લાવીશ કહી લપેટી લીધા
## ડોકટરને પેમ્પલલેટના નામે ઠગાઇનો ડોઝ

### મવડી બાયપાસ પર ક્લીનીક ચલાવતાં તબિબની તાલુકા પોલીસમાં ફયિરાદ

રાજકોટ તા. ૨૨

ગઠીયાઓને ગમે ત્યાં તક મળી જતી હોય છે અને તે ગમે તેને છેતરી લેતાં હોય છે. આ વખતે એક ગઠીયો ન્યુઝ પેપરમાં પેમ્પલેટ નાંખી ક્લીનીકની જાહેરાત કરવાના નામે ડોક્ટરને ઠગાઇનો ડોઝ આપી ગયો હતો. મવડી બાયપાસ પર આવેલા સંસ્કાર સીટી સોનામહોર કોમ્પ્લેક્ષમાં હોલીસ્ટીક હીલીંગ નામે ક્લીનીક ધરાવતાં ડોક્ટર સાથે જાહેરાતના નામે ઠગાઇ થઇ છે. ન્યૂઝપેપરમાં પેમ્પલેટ વિતરણ કરવાના બહાને એક અજાણ્યા શખ્સે તબીબ પાસેથી એડવાન્સ પેટે રૂ.ત્રણ હજાર પાંચસો રોકડા મેળવી લીધા બાદ છૂ થઈ ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં ડોક્ટરે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. ગોંડલ રોડ એસટી વર્કશોપ પાછળ ડો. આંબેડકરનગરમાં રહેતાં ડો. કૃષ્ણાભાઇવજુભાઇ લુણાસીયાની ફરિયાદ પરથી પોલીસે અજાણયા સામે ગુનો નોંધ્યો છે. ફરિયાદ મુજબ ૧૯/૦૯ના રોજ સવારના ૧૧



વાગ્યાની આસપાસ એક અજાણી વ્યક્તિ તેમના ક્લિનિકે આવી હતી. તેણે પોતાની ઓળખ ન્યુઝપેપરમાં પેમ્પલેટ આપવા અને જાહેરાત કરવાનું કામકાજ કરતા વ્યક્તિ તરીકે આપી હતી.

તેણે પોતાની પાસે રહેલી બેગમાંથી નમુનાના પેમ્પલેટ્સ બતાવીને ક્લિનિકના પ્રમોશન માટે પેમ્પલેટ છપાવી ન્યુઝપેપર સાથે શહેરમાં વહેંચવાની ઓફર આપી હતી. શરૂઆતમાં ડોક્ટરે જાહેરાત કરાવવામાં રસ ન દાખવતા આ શખ્સે તેમને લાલચ આપતા કહ્યું હતું કે- હું માત્ર જાહેરાત જ નહીં કરુ, પરંતુ તમારા ક્લિનિક માટે નવા પેશન્ટ્સ પણ શોધી આપીશ અને તેના બદલામાં ક્લિનિકમાં આવતા પેશન્ટ્સ મોકલવા બદલ તમારે મને કમિશન આપવું પડશ. આ ઉપરાંત તેણે ટ્યુશન ક્લાસીસ માટે પણ પેમ્પલેટ વિતરણ કરીને સ્ટુડન્ટ્સ અપાવ્યા હોવાના દાવા કર્યા હતા. અજાણ્યા શખ્સે પ્રિન્ટ વાળા સાથે વાતચીત કરી સાંજના સમયે ફરી ક્લિનિકે આવી વાત નક્કી કરી હતી. તેણે કુલ રૂ. ૧૦,૦૦૦માં પેમ્પલેટ પ્રિન્ટ કરી આપવાનું નક્કી કર્યું હતું.

આ પછી રૂ. ૫,૦૦૦ એડવાન્સ માંગ્યા હતા. ડોક્ટરે રૂ. ૩,૫૦૦ આપવાનું કહેતા આ શખ્સે પ્રિન્ટ વાળાને ઓનલાઈન એડવાન્સ આપવાના છે તેમ કહી રોકડા રૂ. ૩,૫૦૦ મેળવી લીધા હતા. ત્યારબાદ આ શખ્સ ચા પાણી પીને આવું કહીને ગયા પછી આવ્યો જ નહોતો. ડોકટરે તેના મોબાઇલનંબર પર વારંવાર ફોન કરવા છતાં રીસીવ થયો નહોતો. છેલ્લે નંબર બ્લોક કરી દેવાયો હતો. આથી પોતાની સાથે ઠગાઇ થયાનું જણાવતાં ડોક્ટરે તાલુકા પોલીસમાં જાણ કરતાં હેડકોન્સ. એમ. બી. ઠાકરે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

## વ્યાજે લીધેલા પૈસા ભરી ન શકતાં ફીનાઇલ પીધુ

### દોઢસો ફૂટ શીવમ પાર્કના કારખાનેદાર યુવાન સારવાર હેઠળ

રાજકોટ તા. ૨૨

વ્યાજંકવાદના કિસ્સા અવાર-નવાર સામે આવતા રહે છે. વધુ એક આવો બનાવ સામે આવ્યો હતો. જેમાં વ્યાજખોરીમાં ફસાઇ જતાં રામાપીર ચોકડી પાસે શિવમ્ પાર્કમાં રહેતાં કારખાનેદારે અટલ સરોવર પાસે જઇ ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે દાખલ કરવામા આવતાં દસથી વીસ ટકા લેખે ચારેક શખ્સો પાસેથી દસથી બાર લાખ લીધા બાદ તે એકાદ વર્ષથી નિયમીત વ્યાજ ચુકવતાં હતાં. હાલમાં વ્યાજ ચુકવી શકતાં ન હોઇ તેના ટેન્શનમાં આ પગલુ ભર્યાનું જણાવાયું હતું. વધુ માહિતી મુજબ રામાપીર ચોકડી નજીક ધર્મેશ્વર મહાદેવર મંદિર પાસે શિવમ્ પાર્ક-૪માં રહેતાં ઓગણચાલીસ વર્ષના સંદિપભાઇ જનકભાઇ પોપટ નામના કારખાનેદાર યુવાને સાંજે અટલ સરોવર પાસે જઇ ફિનાઇલ પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી.

વધુ માહિતી મુજબ સંદિપભાઇ ત્રણ ભાઇમાં મોટા છે અને સંતાનમાં બે દિકરી છે. તેમને હરીપર પાળ ગામે ઘઉના લોટ પેકીંગની ફેક્ટરી છે. સંદિપભાઇએ જણાવ્યું હતું



કે ધંધાના કામે એક વર્ષ પહેલા અલગ અલગ ચારેક જણા પાસેથી દસથી બાર લાખ રૂપિયા વ્યાજે લીધા હતાં. એક વર્ષથી તે આ લોકોને દસથી વીસ ટકા વ્યાજ ભરતા આવ્યા છે. હાલમાં વ્યાજ ભરી શકાય તેવી હાલત ન હોઇ કંટાળી જતાં આ પગલુ ભર્યુ હતું. જો કે વ્યાજ માટે કોઇ તરફથી ધાકધમકી મળી હોવાનો તેમણે ઈન્કાર કર્યો હતો. પોલીસે વિશેષ તપાસ હાથ ધરી હતી.

## શાપર(વેરાવળ)માં મોબાઈલ હેક કરી એક લાખનું ફ્રોડ

### અજાણ્યા શખ્સે યુવકનો મોબાઈલ હેક કરી અલગ અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા ખાતામાંથી રકમ ઉપાડી લિધી



રાજકોટ, તા.૨૨

રાજકોટ ગ્રામ્યના શાપર (વેરાવળ) પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરુદ્ધ સાયબર ફ્રોડ અંગેનો ગુનો નોંધવામાં આવ્યો છે. ૨૦ વર્ષીય કુલદીપ મનસુખભાઈ રાજશીભાઈ કારેણા છે, જેઓ મૂળ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ભૌનેશ્વર ગામના વતની છે અને હાલ કાંગશીયાળી ગામની સીમમાં ખોડીયાર હોટલ સામે આવેલ શ્રીધર ક્રાફટપેક એલ.એલ.પી. કારખાનામાં રહીને પ્રોડક્શન સુપરવાઇઝર તરીકે નોકરી કરે છે.

ગત તા. ૧૫/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૮ વાગ્યાની આસપાસ કુલદીપ પોતાનો મોબાઈલ ફોન કારખાનામાં મૂકીને કામે લાગી ગયો હતો. અને સાંજે ૮ વાગ્યે નોકરી પરથી છૂટ્યા બાદ પોતાનો મોબાઈલ લીધો હતો. રાત્રે સાડા આઠ વાગ્યાના સુમારે તેમના બેન્ક ઓફ ઇન્ડિયા (ભાણવડ શાખા) ના એકાઉન્ટમાંથી રૂ. ૫,૦૦૦ કપાત થયાનો મેસેજ આવ્યો હતો. આથી શંકા જતા તેમણે રાજકોટના મવડી ચોકડી ખાતે જઈને બેંક એકાઉન્ટનું સ્ટેટમેન્ટ કઢાવ્યું હતું, જેમાં તેમના ખાતામાંથી રૂ. ૫,૦૦૦, રૂ. ૪૦,૦૦૦, રૂ. ૧, રૂ. ૪૯,૯૯૯ અને રૂ. ૫,૦૦૦ એમ અલગ-અલગ પાંચ ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂ. ૧,૦૦,૦૦૦ ઉપડી ગયા હોવાનું માલૂમ પડ્યું હતું.

પોતાની સાથે ઓનલાઇન ઠગાઈ થયાનું જણાતા કુલદીપે સાયબર ફ્રોડ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર કોલ કરી ફરિયાદ નોંધાવી હતી. કોઈ અજાણ્યા શખ્સે તેમનો મોબાઈલ હેક કરીને આર્થિક લાભ મેળવવાના હેતુથી તેમના બેંક ખાતામાંથી ઇલેક્ટ્રિક માધ્યમથી એક લાખ રૂપિયા ઉપાડી લઈ છેતરપિંડી આચરી હોવાની આ ફરિયાદ શાપર (વેરાવળ) પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.કે. વાઘેલા દ્વારા નોંધવામાં આવી છે. હાલ આ કેસની વધુ તપાસ પીઆઈ રવિરાજસિંહ રાણાએ હાથ ધરી હતી.



### ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા બાદ પ્રેમસંબંધ
## મુંબઈની મહિલાની વકીલને જાતી પ્રત્યે હડધૂત કરી ધમકી

### અગાઉ મુંબઈમાં મહિલાએ વકીલ સામે ફરિયાદ નોંધાવી

રાજકોટ, તા.૨૨

રાજકોટ શહેરના માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં મુંબઈની એક મહિલા વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ અને ધમકી આપવા બદલ ગુનો નોંધવામાં આવ્યો છે. રાજકોટના નાનામૌવા રોડ પર રહેતા અને વકીલાત કરતા ૩૪ વર્ષીય નરેશભાઈ જગાભાઈ સારેસાએ મુંબઈના ગોરેગાંવમાં રહેતી લક્ષ્મી ગુપ્તા નામની મહિલા વિરુદ્ધ આ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, વર્ષ ૨૦૨૩માં ઈન્સ્ટાગ્રામ મારફતે બંને વચ્ચે મિત્રતા થઈ હતી અને ત્યારબાદ બંને પરણિત હોવા છતાં તેમની વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. જૂન-૨૦૨૪માં બંને મુંબઈના બદલાપુર ખાતે રૂબરૂ મળ્યા હતા, પરંતુ થોડા સમય બાદ લક્ષ્મીના પતિને આ બાબતની જાણ થતાં લક્ષ્મીએ નરેશભાઈ વિરુદ્ધ બદલાપુર (પશ્ચિમ) પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જે કેસમાં હાલ તેઓ જામીન પર મુક્ત છે.

આ અદાવત રાખીને ગત તારીખ ૨૬ જુલાઈ ૨૦૨૬ના રોજ સવારે ૧૦ વાગ્યાના અરસામાં અતિથી ચોક ખાતે નરેશભાઈ તેમના મિત્રો ચિરાગભાઈ, વિજયભાઈ તથા તેમના બહેન નિર્મળાબેન સાથે ઊભા હતા, ત્યારે લક્ષ્મીના મિસ્ડ કોલ આવ્યા હતા. નરેશભાઈએ સામો ફોન કરતા લક્ષ્મીએ ''ઈન્સટાગ્રામમાં શું કામ ફોટો મુક્યો છે'' તેમ કહીને ગાળો આપવાનું શરૂ કર્યું હતું. મિત્રોની પૂછપરછથી ફોન લાઉડ સ્પીકર પર રાખવામાં આવતા, આરોપી મહિલાએ ફરિયાદીને તેમની જ્ઞાતિ વિશે અપમાનજનક શબ્દો કહીને જાહેરમાં હડધૂત કર્યા હતા. આ ઉપરાંત, મહિલાએ ફરિયાદીના બહેન વિશે પણ બિભત્સ ગાળો આપીને ગર્ભિત ધમકી આપી હતી. આ સમગ્ર બનાવ મામલે આખરે તારીખ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ માલવીયાનગર પોલીસ મથકમાં એટ્રોસિટી એક્ટ સહિતની કલમનો અન્વયે ગુનો નોધાયો છે. ગુનાની આગળની તપાસ નાયબ પોલીસ અધિક્ષક ભરતકુમાર ચૌધરીએ હાથ ધરી છે.

## રેસકોર્ષ નજીકથી ચોરાઉ થાર કાર સાથે બે શખ્સ ઝડપાયા

### રેસકોર્ષ ગ્રાઉન્ડ પાસેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે દબોચ્યા

રાજકોટ, તા,૨૨

રેસકોર્ષ નજીકથી ચોરાઉ કાર સાથે ક્રાઈમ બ્રાન્ચની ટીમે બે શખ્શને ઝડપી પાડીને તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારના કાર ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરના રેસકોર્ષ ગ્રાઉન્ડ નજીક બે શખ્શ ચોરાઉ કાર સાથે ઉભા હોવાની બાતમી મળી હતી. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે રેસકોર્ષ મેદાન નજીક શંકાસ્પદ હાલતમાં ઉભેલી કાર પાસે પહોચી પૂછપરછ કરતા બંને શખ્શોએ ચોરાઉ કાર હોવાનું કબુલીને પોતપોતાના નામો આટકોટના કૈલાશ નગર, સિદ્ધાર્થ સ્કૂલની બાજુમાં, તા. જસદણનો જયેશગીરી ઉર્ફે જયેશ પ્રેમગીરી ગૌસ્વામી અને અમદાવાદ બોપલ ભુવા રોડ, એક્વા રેસીડન્સી, મૂળ રહે. ધોરાજી જમનાવડ રોડ હાઉસિંગ બોર્ડની પાછળ, તા. ધોરાજી, જિ. રાજકોટ)નો ભાર્ગવ વિપુલભાઈ જોષી હોવાનું જણાવ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલીક, નાયબ પોલીસ કમિશનર (ક્રાઈમ) જગદીશ બાંગરવા અને મદદનીશ પોલીસ કમિશનર (ક્રાઈમ) બી.બી. બસીયા દ્વારા મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા તથા વાહન ચોરી, ઘરફોડ ચોરી અને લૂંટ જેવા



અનડિટેક્ટ ગુનાઓ શોધી કાઢવા માટે સૂચના આપવામાં આવી હતી.

આ સૂચના અન્વયે, રાજકોટ શહેર ક્રાઈમ બ્રાંચના પીઆઈ એ.એસ. ચાવડા, એમ.એલ. ડામોર અને સી.એચ. જાદવના માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.એમ. રાણા અને એ.એન. પરમારની ટીમ શહેરમાં પેટ્રોલિંગમાં હતી. ત્યારે એ.એસ. આઈ. વિજયરાજસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ તુલસીભાઈ ચુડાસમા, જયદેવસિંહ પરમાર અને કોન્સ્ટેબલ મયુરધ્વજસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે રાજકોટ શહેરના રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતેથી બે શખ્સોને ચોરીની મહિન્દ્રા થાર કાર સાથે પકડી પાડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

પકડાયેલા શખ્સોમાં કૈલાશ નગર, સિદ્ધાર્થ સ્કૂલની બાજુમાં, આટકોટ રહેતા જયેશગીરી ઉર્ફે જયેશ આટકોટ પ્રેમગીરી ગૌસ્વામી અને અમદાવાદ બોપલ ભુવા રોડ, એક્વા રેસીડન્સી, મૂળ રહે. ધોરાજી જમનાવડ રોડ હાઉસિંગ બોર્ડની પાછળ, તા. ધોરાજીના ભાર્ગવ વિપુલભાઈ જોષીનો સમાવેશ થાય છે. પોલીસે વધુ વિગત આપી હતી કે ભાર્ગવ જોષી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે; તેની સામે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં, આણંદ વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં ગુનાઓ નોંધાયેલા છે. આ બંનેની ધરપકડથી રાજકોટ શહેરના તાલુકા પોલીસ સ્ટેશનમાં કાર ચોરીનો ભેદ ઉકેલાઈ ગયો છે.

### વિદ્યાર્થીઓ અને ગ્રાહકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં

# વિનંતી સ્વચ્છતાની, પીરસાય વાસી ખોરાક

## ૫૩ પેઢીઓ અને રેસ્ટોરન્ટ્સમાં પાડવામાં આવેલા દરોડા દરમિયાન ૬૫ કિલોગ્રામ અખાદ્ય અને વાસી જથ્થો ઝડપાયો

રાજકોટ, તા. ૨૨

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય શાખાના ફૂડ વિભાગ દ્વારા તાજેતરમાં હાથ ધરાયેલું સર્વેલન્સ ચેકિંગ કોઈ સામાન્ય દરોડાનો આંકડો નથી, પરંતુ એ આખા શહેરના આરોગ્ય તંત્ર અને વેપારી માનસિકતા પર વાગેલી એક આકરી થાપટ છે. શહેરભરમાંથી ૫૩ જેટલી પેઢીઓ અને રેસ્ટોરન્ટ્સની તપાસ કરીને ૬૫ કિલોગ્રામ જેટલો અખાદ્ય તથા વાસી જથ્થો ઝડપી પાડવો એ સાબિત કરે છે કે રાજકોટવાસીઓ દરરોજ થાળીમાં સ્વાદ નહીં પરંતુ ધીમું ઝેર આરોગી રહ્યા છે.

સૌથી વધુ ચોંકાવનારી અને આઘાતજનક બાબત એ છે કે આ અખાદ્ય અને ગંદકીથી ભરેલા ખોરાકનો મોટો હિસ્સો એવા સ્થળોએથી ઝડપાયો છે જ્યાં ભવિષ્ય ઘડાતું હોય છે. લેઉવા પટેલ ગર્લ્સ હોસ્ટેલમાંથી ૨૦ કિલોગ્રામ જેટલા વાસી અને પડતર ઘઉં મળી આવવા, વિવાન્તા ગર્લ્સ હોસ્ટેલમાંથી ૫ કિલો સડેલા બટેટા અને મહિલા કોલેજ કેન્ટીન (પ્રેમ કેટરર્સ) માંથી ૨૦ કિલોગ્રામ અખાદ્ય ચીજનો જથ્થો મળી આવવો એ સ્પષ્ટ કરે છે કે પોતાના બાળકોને ભણવા માટે વિદેશ કે દૂરના શહેરોમાંથી રાજકોટ મોકલતા વાલીઓના ભરોસાનો કેવો ભયાનક અનાદર થઈ રહ્યો છે. હોસ્ટેલના સંચાલકો માસિક મોટા ભાડાં વસૂલે છે, પરંતુ ખોરાકના નામે વિદ્યાર્થીઓને સડેલું અને વાસી ભોજન પીરસી તેમના સ્વાસ્થ્ય સામે મોટું જોખમ ઊભું કરી રહ્યા છે. એટલું જ નહીં, પિનોલ ઇન્સ્ટિટ્યૂટ જેવા શૈક્ષણિક સ્થળેથી ૨૦ કિલોગ્રામ એક્સપાયરી ડેટવાળા પોપકોર્ન મળી આવ્યા તે દર્શાવે છે કે નફાખોરી માટે બાળકોના પેટ સાથે રમત રમવામાં જરાય અચકાટ અનુભવાતો નથી.



બીજી તરફ, જે મલ્ટીનેશનલ બ્રાન્ડ્સ પોતાના ઉંચા ભાવ અને ગ્લોબલ સ્ટાન્ડર્ડના બોર્ડ મારીને ગ્રાહકો પાસેથી અઢળક રૂપિયા ઓકે છે, તેમની અસલિયત પણ આ ચેકિંગમાં ખુલ્લી પડી ગઈ છે. ગ્રીનલેન્ડ ચોક સ્થિત મેકડોનાલ્ડ્સ (હાર્ડ કાસ્ટલ રેસ્ટોરન્ટ) માંથી દૂધ અને ફ્રૂટ ક્રશના શંકાસ્પદ નમૂના લેવા પડે કે ક્રિસ્ટલ મોલ સ્થિત બર્ગર કિંગમાંથી વારંવાર તળવામાં વપરાતું 'યુઝ્ડ ફ્રાઈંગ પામોલિન ઓઈલ' વાપરવાનો મામલો સામે આવે, ત્યારે સવાલ થાય છે કે શું આ આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ માત્ર નામના જ સ્ટાન્ડર્ડ જાળવે છે? સ્વિગી ઇન્સ્ટામાર્ટ જેવી હોમ ડિલિવરી સર્વિસ પણ હાઈજીન અને લાઈસન્સના નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ રહી છે.

તપાસ દરમિયાન કૃષ્ણમ, શિવમ, માધવ, ફોર્ચ્યુન, અમૃત કન્યા છાત્રાલય, છઈડ, જય રેસીડેન્સી, અને હરભમજીરાજ ગરાસીયા બોર્ડિંગ જેવી ગણનાપાત્ર હોસ્ટેલોમાં FSSAI લાઈસન્સનો અભાવ, સ્ટોરેજની ખરાબ પદ્ધતિ અને અત્યંત બિનઆરોગ્યપ્રદ (અનહાઈજેનિક) પરિસ્થિતિ જોવા મળી છે.

જોકે, આ આખી કાર્યવાહીમાં મહાનગરપાલિકાના ફૂડ વિભાગની ભૂમિકા સામે પણ ગંભીર પ્રશ્નો ઊભા થાય છે. ૫૩ સ્થળે દરોડા પાડીને કુલ મળીને માત્ર ૧૭,૦૦૦/- નો વહીવટી ચાર્જ વસૂલ કરવો અને ૫૦૦ કે ૧૦૦૦ ના નજીવા દંડ ફટકારીને નોટિસ આપીને સંતોષ માની લેવો એ આ ગુનાના પ્રમાણમાં અત્યંત મામૂલી ગણાય. લાખો રૂપિયાનો વહીવટ કરતા હોસ્ટેલ સંચાલકો કે મલ્ટીનેશનલ ફૂડ ચેન્સ માટે હજાર-બે હજારનો દંડ એ માત્ર એક સામાન્ય ખર્ચ સમાન છે. જ્યાં સુધી આવા બેદરકારો સામે સીલ મારવાની, લાઈસન્સ રદ કરવાની કે જેલભેગા કરવાની આકરી કાનૂની કાર્યવાહી કરવામાં નહીં આવે, ત્યાં સુધી માત્ર નાટકીય નોટિસોથી રાજકોટવાસીઓનું આરોગ્ય સુરક્ષિત થઈ શકશે નહીં.

### રાજકોટના શૈક્ષણિક વિસ્તાર ગણાતા કાલાવડ રોડ પર આવેલી

# એમ.જી. હોસ્ટેલમાં અન્ન નહીં, અન્યાય

## ઝેરી ભોજન સામે વિદ્યાર્થીઓનો હોબાળો, ભૂખ હડતાળ યથાવત : તંત્રની ઘોર બેદરકારી સામે યુવાનો આક્રમક મૂડમાં



રાજકોટ, તા. ૨૨

રાજકોટના શૈક્ષણિક વિસ્તાર ગણાતા કાલાવડ રોડ પર આવેલી પ્રખ્યાત એમ.જી. હોસ્ટેલમાં હાલ ભારે વિરોધ અને અસંતોષનો માહોલ સર્જાયો છે. પોતાના ઘરોથી દૂર રહીને ઉજ્જવળ ભવિષ્યના સ્વપના સેવતા વિદ્યાર્થીઓને અહીં શુદ્ધ અને સાત્વિક ખોરાક મેળવવા માટે પણ લડત આપવી પડી રહી છે. હોસ્ટેલ મેસમાં પીરસાતા નબળી ગુણવત્તાના ભોજન સામે શરૂ થયેલો વિરોધ હવે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી ચૂક્યો છે અને વિદ્યાર્થીઓ આજે પણ અન્ન-જળનો ત્યાગ કરીને ભૂખ હડતાળ પર બેસી રહ્યા છે.

આ સમગ્ર વિવાદ લાંબા સમયથી ચાલી રહ્યો હતો, પરંતુ ગત સાંજે જ્યારે પીરસેલા ભોજનમાંથી જીવડું મળી આવ્યું ત્યારે વિદ્યાર્થીઓના સબરનો બંધ તૂટી ગયો હતો. અગાઉ પણ અનેક વખત રોટલી, શાક અને દાળની ગુણવત્તા બાબતે વહીવટી તંત્રને રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ સંચાલકો દ્વારા તેને સતત અણદેખી કરવામાં આવી રહી હતી. ગત સાંજે ભોજનમાં જીવડું નીકળતાં જ વિદ્યાર્થીઓએ મેસનો બહિષ્કાર કરી દીધો હતો અને 'ન્યાય આપો'ના નારા સાથે હોસ્ટેલ કેમ્પસમાં જ ભૂખ હડતાળ શરૂ કરી દીધી હતી. વિદ્યાર્થીઓનું કહેવું છે કે પૈસા ચૂકવવા છતાં તેમને આરોગ્ય સાથે ચેડાં કરતું ખોરાક પીરસવામાં આવી રહ્યું છે.

આશ્ચર્યની વાત એ છે કે આ બાબતે અગાઉ મ્યુનિસિપલ કોર્પોરેશનની ફૂડ શાખા દ્વારા પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. એટલું જ નહીં, ગત સપ્તાહે સ્થાનિક મીડિયા દ્વારા કરવામાં આવેલા રિયાલિટી ચેકમાં પણ હોસ્ટેલની મેસમાં વ્યાપ્ત ગંદકી અને નિયમોના ઉલ્લંઘનની અનેક અનિયમિતતાઓ ઉઘાડી પડી હતી. ફૂડ શાખાની તપાસ અને મીડિયાના અહેવાલો છતાં હોસ્ટેલ મેસના કોન્ટ્રાક્ટર કે સંચાલકોના પેટનું પાણી હલ્યું નહોતું. તંત્રના આવા બેદરકાર વલણને કારણે જ ગઈકાલે ફરી એકવાર અત્યંત ખરાબ અને અસ્વાસ્થ્યકર ભોજન પીરસવાની હિંમત કરવામાં આવી હતી.

અગાઉની તપાસો માત્ર કાગળ પર જ રહી જતાં આખરે યુવાનોએ આક્રમક વલણ અપનાવવું પડ્યું છે. ભૂખ હડતાળ પર બેસેલા વિદ્યાર્થીઓએ સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી છે કે જ્યાં સુધી નબળી ગુણવત્તાનું ભોજન પીરસનારા કોન્ટ્રાક્ટર સામે કડકમાં કડક પગલાં લેવામાં નહીં આવે અને ભોજનની ગુણવત્તા તેમજ સ્વચ્છતા બાબતે લેખિતમાં કાયમી ખાતરી નહીં મળે ત્યાં સુધી આ આંદોલન સહેજ પણ પાછું નહીં ખેંચાય. વિદ્યાર્થીઓની આ ભૂખ હડતાળને કારણે હોસ્ટેલ તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે, ત્યારે હવે જોવાનું એ રહે છે કે જવાબદારો સામે ક્યારે અને કેવા કડક પગલાં લેવાય છે.

# જિલ્લાના ૨૭ માંથી માત્ર ચાર જળાશયો ભરાયા

## જીવાદોરી સમાન ભાદર-૧ માં માત્ર ૨૫% પાણી
## ચોમાસામાં નબળા વરસાદથી ડેમોમાં પાણીનું તળિયું દેખાયું

રાજકોટ, તા. ૨૨

રાજકોટ જિલ્લામાં ચાલુ સિઝન દરમિયાન મેઘરાજાએ ધારણા મુજબની મહેરબાની ન કરતાં સમગ્ર પંથક પર આગામી સમયમાં પીવાના અને સિંચાઈના પાણીનું ગંભીર સંકટ તોળાઈ રહ્યું છે. ડેમ સાઈટ પર સરેરાશ માત્ર ૧૫ થી ૧૬ ઈંચ જેટલો જ સાધારણ વરસાદ નોંધાતાં જિલ્લાના નાના-મોટા મોટાભાગના જળાશયોમાં પાણીની આવક અત્યંત નહિવત રહી છે.



જિલ્લા સિંચાઈ વિભાગના સત્તાવાર આંકડાઓ અનુસાર, રાજકોટ જિલ્લામાં આવેલા કુલ ૨૭ નાના-મોટા ડેમોમાંથી માત્ર આજી-૨, આજી-૩, ન્યારી-૨ અને લાલપરી ડેમ જ ૧૦૦% ઓવરફ્લો થયા છે. આ સિવાયના મોટા ભાગના જળાશયોમાં પાણીનું તળિયું દેખાવા લાગ્યું છે. રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારની મુખ્ય જીવાદોરી ગણાતા ભાદર-૧ ડેમમાં માત્ર ૨૫% પાણીનો જથ્થો જ બચ્યો છે, જે તંત્ર અને નાગરિકો બંને માટે ચિંતાનો મોટો વિષય બન્યો છે.

અન્ય મુખ્ય જળાશયોની સ્થિતિ પર નજર કરીએ તો, આજી-૧ માં ૫૩% અને ન્યારી-૧ માં ૫૦% જેટલો જળસંચય ઉપલબ્ધ છે. જ્યારે ૧૫ જેટલા ડેમોમાં ૬૦ થી ૭૦ ટકા જેટલો જથ્થો છે. ધોરાજી-ઉપલેટા પંથક માટે ખેતી અને પીવાના પાણી માટે મહત્વનો ગણાતો ભાદર-૨ ડેમ ૭૮% ભરાયેલો છે. આ સિવાય ખોડાપીપર ડેમમાં ૯૨% અને ફાડદંગ બેટી ડેમમાં ૬૨% પાણી છે. જોકે, જિલ્લાના અન્ય ૯ જળાશયોમાં પરિસ્થિતિ અત્યંત વિકટ છે, જ્યાં માત્ર ૩૦ થી ૪૦ ટકા જ પાણી બચ્યું છે. ગોંડલના ઐતિહાસિક વેરી તળાવમાં પણ માત્ર ૪૦% જ જળજથ્થો શિલક રહ્યો છે.

જિલ્લામાં પાણીની અછત ઘેરી ન બને તે માટે સિંચાઈ વિભાગ અને સ્થાનિક તંત્ર દ્વારા અત્યારથી જ આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. રાજકોટ શહેરને પાણી પૂરું પાડતા આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં હાલ 'સૌની યોજના' (SAUNI Scheme) મારફતે નર્મદાનું પાણી ઠાલવવામાં આવી રહ્યું છે, જેથી શહેરીજનોને નિયમિત પાણી આપી શકાય.

સિંચાઈ વિભાગના મદદનીશ ઈજનેરે પરિસ્થિતિ અંગે માહિતી આપતાં જણાવ્યું છે કે, જો આગામી દિવસોમાં વરસાદી રાઉન્ડ નહીં આવે અને નવું પાણી ડેમોમાં નહીં ઠલવાય, તો જિલ્લામાં પીવાના પાણીની કોઈ પણ પ્રકારની કટોકટી ન સર્જાય તે માટે 'સૌની યોજના' થકી અન્ય ડેમો પણ તબક્કાવાર ભરી લેવામાં આવશે. ચોમાસાની નબળી શરૂઆત અને વરસાદ ખેંચાતાં હવે તમામની નજર સૌની યોજના આધારિત પાણીના વ્યવસ્થાપન પર ટકેલી છે

### રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી સતત વધતા જતા વાહનોના બોજ અને માર્ગો પર સર્જાતી ટ્રાફિકની જટિલ સમસ્યા

# શહેરમાં ટ્રાફિક જામ બનશે ભૂતકાળ

## RMC અને ટ્રાફિક પોલીસનો સંયુક્ત 'માસ્ટર પ્લાન', કોટેચા ચોકથી થશે શ્રીગણેશ : બેરિકેટિંગ બાદ કાર ચાલકો માટે નવા રૂટનું રિવિઝન



રાજકોટ, તા. ૨૨

રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી સતત વધતા જતા વાહનોના બોજ અને માર્ગો પર સર્જાતી ટ્રાફિકની જટિલ સમસ્યાઓ હવે પ્રશાસન માટે એક મોટો પડકાર બની રહી છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને સરાહનીય પહેલ હાથ ધરવામાં આવી છે. શહેરના માર્ગો પર વાહનોની અવરજવર સુગમ બને અને નાગરિકોનો સમય તથા ઈંધણ બચે તે માટે હવે બંને વિભાગો ભેગા મળીને એક મજબૂત અને વ્યવસ્થિત માસ્ટર પ્લાન પર કામ કરી રહ્યા છે. આ સંયુક્ત ઝુંબેશના ભાગરૂપે પ્રથમ તબક્કામાં શહેરના સૌથી અતિવ્યસ્ત અને ક્રાઉડેડ પોઈન્ટ ગણાતા કોટેચા ચોકને કેન્દ્રસ્થાને રાખીને કામગીરીનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે.

શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલો કોટેચા ચોક એ વાસ્તવમાં ટ્રાફિકનું એક મુખ્ય હોટસ્પોટ બની ચૂક્યો છે. આ ચોકની ભૌગોલિક સ્થિતિ જ એવી છે કે અહીં ચારથી પાંચ અલગ-અલગ દિશામાંથી આવતા મુખ્ય રસ્તાઓનો સંગમ થાય છે. શાળા-કોલેજોના સમય દરમિયાન તેમજ સાંજની પીક અવર્સમાં ચારેય તરફથી વાહનોનો ભારે ધસારો રહેતો હોવાથી આ ચોકમાં ક્ષણભરમાં જ ટ્રાફિક જામની વિકટ સ્થિતિ સર્જાય છે. આ સમસ્યાનું કાયમી અને ટેકનિકલ નિરાકરણ લાવવા માટે તાજેતરમાં રાજકોટ મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ અને ટ્રાફિક પોલીસના ઉચ્ચ અમલદારોની ટીમે સાથે મળીને કોટેચા ચોક ખાતે રૂબરૂ પહોંચીને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. અધિકારીઓની આ ટીમ દ્વારા સ્થળ પર જઈને ડેટા એકત્રિત કરવાનો અને ટ્રાફિક ફ્લોનો ગ્રાઉન્ડ લેવલ પર વિસ્તૃત સર્વે હાથ ધરવામાં આવ્યો હતો.

તંત્ર દ્વારા હાથ ધરાયેલા આ સર્વે અને અમલીકરણના પ્રાથમિક તબક્કામાં હાલ વાહનચાલકોને તાત્કાલિક ધોરણે રાહત મળે તે માટે કેટલીક હંગામી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. ટ્રાફિક વિભાગ દ્વારા કોટેચા ચોક ખાતે વ્યૂહાત્મક રીતે બેરિકેટ્સ મૂકીને વાહનોની સ્પીડ અને દિશાને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરાયો છે, જેનાથી અચાનક થતી ટ્રાફિકની ગૂંચવણ અટકી છે. આ ઉપરાંત, તંત્ર દ્વારા અહીં નાના અને મોટા વાહનો માટે અલગ-અલગ વ્યૂહરચના અપનાવવામાં આવી રહી છે. હાલ તુરંત ટુ-વ્હીલર વાહનચાલકો માટે અહીં રસ્તો ખુલ્લો રાખવામાં આવ્યો છે જેથી દ્વિચક્રી વાહનો સરળતાથી પસાર થઈ શકે, પરંતુ ચાર પૈડાં વાળા વાહનો અને કારના કારણે ચોકની મધ્યમાં બોટલનેક સર્જાતું હોવાથી કારચાલકો માટેના રૂટ અને ડાયવર્ઝનમાં ફેરફાર એટલે કે રિવિઝન કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

કોર્પોરેશન અને ટ્રાફિક પોલીસની આ સંયુક્ત કામગીરીનો મૂળ હેતુ માત્ર ટેમ્પરરી ધોરણે ટ્રાફિક હળવો કરવાનો નથી, પરંતુ કોટેચા ચોકની આસપાસના સમગ્ર વિસ્તાર માટે એક કાયમી અને શાશ્વત ઉકેલ શોધવાનો છે. આ સર્વેના રિપોર્ટના આધારે આગામી દિવસોમાં અહીં સિગ્નલ ટાઈમિંગમાં ફેરફાર, રસ્તાનું ભૌતિક પહોળાકરણ, આઇલેન્ડની સાઇઝમાં સુધારો અથવા જરૂર પડે ત્યાં ચોક્કસ સમય માટે વન-વે કે ડાયવર્ઝન આપવા અંગેના આખરી નિર્ણયો લેવામાં આવશે. છબઈ અને પોલીસ વચ્ચેના આ અભૂતપૂર્વ તાલમેલથી આગામી દિવસોમાં કોટેચા ચોક ટ્રાફિકમુક્ત બનશે તેવી મજબૂત આશા સેવાઈ રહી છે, જે અન્ય વ્યસ્ત ચોકો માટે પણ એક મોડેલ પૂરવાર થશે.

# સર્વશ્રેષ્ઠ, સાવ ડલ

## શ્રેષ્ઠ જાહેર થયેલી ફિલ્મ 'મારણ' બોક્સ ઓફિસ પર મરી ગઈ હતી




કળાત્મક દ્રષ્ટિએ સર્વશ્રેષ્ઠ સાબિત થનારી ફિલ્મ વ્યાપારી મોરચે પણ સફળ થાય તેવું જરૂરી નથી. ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં સર્વશ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મનો રાષ્ટ્રીય એવોર્ડ મેળવનાર ફિલ્મ 'મારણ' સાથે પણ કંઈક આવું જ બન્યું છે. વિવેચકો દ્વારા જે સિનેમાના વખાણના પુલ બાંધવામાં આવ્યા, તે જ સિનેમાને બોક્સ ઓફિસ પર દર્શકોનો ઠંડો પ્રતિસાદ સાંપડ્યો હતો.

અભિષેક જૈન દ્વારા નિર્દેશિત અને સિનેમેન પ્રોડક્શન હેઠળ બનેલી ફિલ્મ 'મારણ' વિષયવસ્તુની દ્રષ્ટિએ અત્યંત ગંભીર અને સસ્પેન્સ-થ્રિલર છે. સમાજમાં મહિલાઓ સામે થતાં શોષણ, માનવ તસ્કરી અને પુરુષપ્રધાન માનસિકતા જેવા કડવા સત્યોને આ ફિલ્મમાં ખૂબ જ નિર્ભયતાથી રજૂ કરવામાં આવ્યા છે. યશ સોની, દીક્ષા જોશી, શ્રુહદ ગોસ્વામી અને અભિનય બેન્કર જેવા અનુભવી કલાકારોના ઉત્કૃષ્ટ અભિનયના કારણે આ ફિલ્મને ૧૫મા શિકાગો સાઉથ એશિયન ફિલ્મ ફેસ્ટિવલમાં બેસ્ટ ફીચર ફિલ્મનો એવોર્ડ મળ્યો અને ત્યારબાદ નેશનલ ફિલ્મ એવોર્ડથી પણ નવાજવામાં આવી.

જો વ્યવસાયિક પાસાની વાત કરીએ તો ચિત્ર સાવ ઊંધું જ છે. આશરે રૂ. ૫ કરોડના બજેટમાં તૈયાર થયેલી આ ફિલ્મ થિયેટરોમાં દર્શકોને ખેંચવામાં સાવ નિષ્ફળ રહી હતી. ફિલ્મનું ઓપનિંગ ડે કલેક્શન આશરે રૂ. ૧૦ લાખ રહ્યું હતું. આખી થિયેટ્રિકલ રન દરમિયાન ભારતમાં નેટ કલેક્શન માત્ર રૂ. ૬૮ લાખ અને કુલ વર્લ્ડવાઈડ ગ્રોસ કલેક્શન માંડ રૂ. ૮૨ લાખ સુધી પહોંચી શક્યું હતું.

થિયેટરમાંથી જ નિર્માણ ખર્ચ રિકવર ન થઈ શકતા બોક્સ ઓફિસ પર ફિલ્મ આર્થિક રીતે કમાણી બાબતે નિષ્ફળ નીવડી હતી. આજના સમયમાં દર્શકો થિયેટરમાં મોટે ભાગે મનોરંજન, કોમેડી કે મસાલા ફિલ્મો પસંદ કરે છે. સામે પક્ષે 'મારણ' જેવા ડાર્ક, સંવેદનશીલ અને ગંભીર વિષયો ચોક્કસ વર્ગ પૂરતા સીમિત રહી જાય છે.

ગુજરાતી સિનેમા માટે આ ઘટના એક મોટો વિરોધાભાસ દર્શાવે છે. એક તરફ ફિલ્મ રાષ્ટ્રીય સ્તરે ગૌરવ અપાવે છે, તો બીજી તરફ થિયેટરમાં કમાણીની દ્રષ્ટિએ 'ડલ' સાબિત થાય છે. આ કડવું સત્ય એ સાબિત કરે છે કે રાષ્ટ્રીય એવોર્ડ મેળવનાર સર્વશ્રેષ્ઠ કળાત્મક સિનેમા પણ બોક્સ ઓફિસ પર કમાણી વગર બિઝનેસની દ્રષ્ટિએ દમ તોડી દે છે.

# દિલ્હીમાં ૩૩ લાખ SIR નોટિસ

## નિરાકરણ માટે ૧૫૨૦૦ અધિકારીઓ : ચૂંટણી પંચની સંપૂર્ણ યોજના શું?

નવીદિલ્હી, તા. ૨૨

દિલ્હી SIR વિવાદમાં ઘેરાયેલા ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં પોતાનો કેસ રજૂ કર્યો. મંગળવારની સુનાવણી દરમિયાન, પંચે જણાવ્યું હતું કે એક પણ નોટિસ ખોટી રીતે જારી કરવામાં આવી નથી. ''અમે દરેક કેસની વ્યક્તિગત રીતે તપાસ કરી રહ્યા છીએ અને કોઈનું નામ કાઢી નાખવામાં આવશે નહીં,'' તેમણે જણાવ્યું હતું. ''અમે દિલ્હીમાં SIR મુદ્દાને ઉકેલવા માટે ૧,૨૦૦ મતદાર પ્રતિનિધિતૂ અધિકારીઓ (SDM-સ્તર) તૈનાત કર્યા છે.'' ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, નોટિસનો ઉકેલ લાવવા માટે રાષ્ટ્રીય રાજધાનીમાં ૧૪,૦૦૦ BLO તૈનાત કરવામાં આવ્યા છે. પંચે જણાવ્યું હતું કે હાલમાં સમયમર્યાદા ૩૧ ઓક્ટોબર છે, અને જો જરૂરી હોય તો તે લંબાવવામાં આવશે.

સુપ્રીમ કોર્ટમાં અરજદાર અંજલિ ભારદ્વાજનું પ્રતિનિધિતૂ કરતા વકીલ પ્રશાંત ભૂષણે જણાવ્યું હતું કે જે લોકોને અંગ્રેજી વાંચી શકતા નથી તેમને અંગ્રેજીમાં નોટિસ મોકલવામાં આવી છે. ઘણા ભૂતપૂર્વ ન્યાયાધીશો અને વરિષ્ઠ વકીલોને નોટિસ ફટકારવામાં આવી છે, જેમાં નિવૃત્ત અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. ''આ બધું મશીન આધારિત છે,'' ભૂષણે ઉમેર્યું. ''જે લોકોના માતાપિતા તેમના કરતા માત્ર ૧૫ વર્ષ મોટા છે તેમના પાસેથી દસ્તાવેજો ક્યાંથી મેળવશે?'' આમાં તેમનો શું વાંક છે, અને દસ્તાવેજો ક્યાંથી આવશે? તેઓ ફક્ત ૧૨ દસ્તાવેજો સ્વીકારે છે. ચૂંટણી પંચે જવાબ આપ્યો કે ૧૨ થી વધુ દસ્તાવેજો સ્વીકાર્ય છે. ભૂષણના મતે, તાર્કિક વિસંગતતાઓ દર્શાવતા ૧.૯ મિલિયનથી વધુ લોકોને નોટિસ મોકલવામાં આવી છે. આમાંના ઘણા એવા લોકો છે જેમને કોઈ કારણ આપવામાં આવ્યું નથી. શ્રીમંત લોકો તેમના પ્રશ્નોનું નિરાકરણ લાવી શકશે, પરંતુ ગરીબો ક્યાં જશે?

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જોયમલ બાગચીએ ચૂંટણી પંચને દરેક વોર્ડમાં BLO તૈનાત કરવા જણાવ્યું હતું. ખાતરી કરો કે લોકોના કામ સરળતાથી થાય. ૨૦૨૫ ની વિધાનસભા ચૂંટણીમાં, દિલ્હીમાં કુલ ૧૫ મિલિયન મતદારો હતા. હવે, ચૂંટણી પંચે SIR ડ્રાફ્ટ યાદીમાંથી ૪.૭ મિલિયન નામો દૂર કર્યા છે. ૩.૩ મિલિયન લોકોને નોટિસ મોકલવામાં આવી છે. પ્રશાંત ભૂષણનો દાવો છે કે ૧.૩ મિલિયન લોકો એવા છે જેમના નામ ૨૦૦૨ ની યાદી સાથે મેળ ખાતા નથી. ભૂષણના મતે, તાર્કિક વિસંગતતાઓ દર્શાવતા ૧.૯ મિલિયન લોકોને નોટિસ મોકલવામાં આવી છે. સુનાવણી દરમિયાન, ન્યાયાધીશ બાગચીએ જણાવ્યું હતું કે નોટિસ કોમ્પ્યુટર દ્વારા મોકલવામાં આવી હતી. આ સુધારી શકાય છે. ચૂંટણી પંચે લાલકૃષ્ણ અડવાણી, વિદેશ મંત્રી એસ. જયશંકર અને કપિલ સિબ્બલ જેવા ઉચ્ચ પ્રોફાઇલ વ્યક્તિઓને પણ નોટિસ મોકલી છે.



ચૂંટણી પંચના નિયમો અનુસાર, SIR માં કોઈપણ વિસંગતતાના કિસ્સામાં ઇલેક્ટ્રોનિક પ્રતિનિધિતૂ અધિકારીઓને નોટિસ જારી કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. ERO આ નોટિસ BLO દ્વારા મોકલે છે. ચૂંટણી પંચે તેની વેબસાઇટ પર પણ નોટિસ પોસ્ટ કરી છે, જે સરળતાથી સુલભ છે. નોટિસ મળ્યા પછી, નામ ચકાસણી માટે દસ્તાવેજો BLO ને સબમિટ કરવા આવશ્યક છે. પછી BLO દસ્તાવેજોની ચકાસણી કરે છે. નામ કાઢી નાખ્યા પછી, સંબંધિત વ્યક્તિએ ટ્રિબ્યુનલ સમક્ષ હાજર થવું આવશ્યક છે. જો ટ્રિબ્યુનલ અનુકૂળ નિર્ણય ન આપે, તો હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવાની જોગવાઈ છે.

### સુપ્રીમ કોર્ટે ટીએમ કૃષ્ણાની અરજી પર કેન્દ્રનો જવાબ માંગ્યો

# 'વંદે માતરમ' ન ગાવા બદલ કોઈ ફોજદારી કાર્યવાહી નહીં!




નવીદિલ્હી, તા. ૨૨

મંગળવારે સુપ્રીમ કોર્ટે વંદે માતરમ વિવાદની સુનાવણી કરી. કર્ણાટકના સંગીતકાર ટીએમ કૃષ્ણા દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ અરજી પર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી બે અઠવાડિયામાં જવાબ માંગ્યો. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે ધાર્મિક કારણોસર વંદે માતરમ ગાવાનો ઇનકાર કરનાર કોઈપણ વ્યક્તિ સામે ફોજદારી કાર્યવાહીની અપેક્ષા રાખતી નથી. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે ''રાષ્ટ્રીય ગીત'' શું છે તે નક્કી કરવાનો કોર્ટનો અધિકારક્ષેત્ર નથી. ટીએમ કૃષ્ણાની અરજી કેન્દ્ર સરકારના ''વંદે માતરમ'' ના છ શ્લોક ગાવા ફરજિયાત કરવાના પરિપત્ર અને ''વંદે માતરમ'' ને રાષ્ટ્રગીતની સમાન દરજ્જો આપનારા તાજેતરના સુધારાને પડકારે છે.

અરજદાર ટીએમ કૃષ્ણા દલીલ કરે છે કે ''વંદે માતરમ'' ના ચાર શ્લોકમાં હિન્દુ દેવતાઓનો ઉલ્લેખ છે. લોકોને આ શ્લોકો ગાવા માટે દબાણ કરવું એ ધાર્મિક અને વૈચારિક સમર્થન સમાન છે અને બંધારણના ધર્મનિરપેક્ષ સ્વભાવની વિરુદ્ધ છે. અરજીમાં એવી પણ દલીલ કરવામાં આવી છે કે ''વંદે માતરમ'' ને રાષ્ટ્રીય સન્માન અપમાન નિવારણ કાયદાના દાયરામાં લાવવાનો સુધારો મનસ્વી છે, વ્યક્તિગત સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે અને બહુમતીવાદી ધાર્મિક સંદેશને પ્રોત્સાહન આપે છે. અરજદારના વકીલ, ડો. એસ. મુરલીધરે દલીલ કરી હતી કે આ સુધારામાં ''રાષ્ટ્રીય ગીત'' ની સ્પષ્ટ વ્યાખ્યાનો અભાવ છે. આ અસ્પષ્ટતા તેના દુરુપયોગ તરફ દોરી શકે છે. તેમણે એ પણ નિર્દેશ કર્યો હતો કે ગૃહ મંત્રાલયનું મેમોરેન્ડમ ગેઝેટમાં પ્રકાશિત થયું નથી. મુરલીધરે દલીલ કરી હતી કે રાષ્ટ્રીય સર્વસંમતિ બનાવ્યા વિના આ સુધારો ઉતાવળમાં પસાર કરવામાં આવ્યો હતો.

સુનાવણી દરમિયાન, સોલિસિટર જનરલે સુપ્રીમ કોર્ટને નોટિસ ન જારી કરવા વિનંતી કરી હતી, દલીલ કરી હતી કે તે સનસનાટીભર્યા વાતાવરણનું કારણ બનશે. ન્યાયાધીશ બાગચીએ જણાવ્યું હતું કે તેમાં કોઈ શંકા નથી કે તે આપણું રાષ્ટ્રીય ગીત છે. એસજીએ પૂછ્યું કે બે શ્લોક ગાવા જોઈએ કે છ. ''સરકાર સિવાય બીજું કોણે આ નક્કી કરવું જોઈએ?'' અરજદારના વકીલે દલીલ કરી હતી કે જાહેર અભિપ્રાય માંગવો જોઈતો હતો. ન્યાયાધીશ બાગચીએ ટિપ્પણી કરી હતી કે આ સાચું છે. સુપ્રીમ કોર્ટે કર્ણાટક સંગીતકાર ટી.એમ. કૃષ્ણા દ્વારા વંદે માતરમના છ શ્લોક ગાવાનું ફરજિયાત બનાવવાને પડકારતી રિટ અરજી પર સરકાર પાસેથી બે અઠવાડિયામાં જવાબ માંગ્યો છે.

# રાજ્યસભાની ચૂંટણી જાહેર

## ઉત્તર પ્રદેશમાં ૧૦ અને ઉત્તરાખંડમાં એક બેઠક માટે ૧૬ ઓક્ટોબરે મતદાન




નવીદિલ્હી, તા. ૨૨

રાજ્યસભાની ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશમાં ૧૦ અને ઉત્તરાખંડમાં એક બેઠક માટે ૧૬ ઓક્ટોબરે મતદાન થશે. આ ઉપરાંત, પશ્ચિમ બંગાળમાં એક બેઠક માટે પેટાચૂંટણી યોજાશે, જે પણ તે જ દિવસે યોજાશે. ઉત્તર પ્રદેશની આ ૧૦ બેઠકોનો કાર્યકાળ નવેમ્બરમાં સમાપ્ત થાય છે. આ અંગેનું જાહેરનામું ૨૯ સપ્ટેમ્બરે બહાર પાડવામાં આવશે. ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ ૬ ઓક્ટોબર છે. ચકાસણી બીજા દિવસે, ૭ ઓક્ટોબરે થશે. ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની અંતિમ તારીખ ૯ ઓક્ટોબર રહેશે. ૧૬ ઓક્ટોબર પછી મતદાન થશે. ઉત્તર પ્રદેશમાં ખાલી પડેલી આ ૧૦ બેઠકોમાંથી, ભાજપ પાસે હાલમાં આઠ બેઠકો છે, સમાજવાદી પાર્ટી પાસે એક બેઠક છે અને બસપા (રામજી ગૌતમ) પાસે એક બેઠક છે. આ બેઠકોમાં કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહ, ભૂતપૂર્વ ડીજીપી બ્રિજલાલ, ગીતા શાક્ય ઉર્ફે ચંદ્રપ્રભા, સીમા દ્વિવેદી, બી.એલ. જેવી અગ્રણી હસ્તીઓનો સમાવેશ થાય છે. વર્મા, દિનેશ શર્મા (જે રાજ્યપાલ બન્યા), સપાના વરિષ્ઠ નેતા રામ ગોપાલ યાદવ અને બસપાના રામજી ગૌતમ.

ઉત્તર પ્રદેશમાં ગઉઅ કેમ્પમાં આશરે ૨૯૨ ધારાસભ્યો છે. પરિણામે, ભાજપ ગઠબંધન સરળતાથી ૭ થી ૮ બેઠકો જીતી શકે છે. દરમિયાન, સમાજવાદી પાર્ટી (SP) પાસે વિધાનસભામાં ૧૦૦ થી વધુ ધારાસભ્યો છે. આ તાકાત સાથે, સપા સરળતાથી બે બેઠકો મેળવી શકે છે. શાસક પક્ષ ઉત્તરાખંડમાં ખાલી પડેલી બેઠક પર મજબૂત પકડ ધરાવે છે. વર્તમાન રાજકીય ગતિશીલતાને જોતાં, આ બેઠક પણ ભાજપને જશે. પશ્ચિમ બંગાળમાં પેટાચૂંટણી થઈ રહી છે કારણ કે ઝખઈ સાંસદ રુક્મિણી મલિકે તાજેતરમાં રાજ્યસભામાંથી રાજીનામું આપ્યું હતું. તેઓ આ વર્ષે એપ્રિલમાં રાજ્યસભામાં ચૂંટાયા હતા. પેટાચૂંટણી હવે ચાલી રહી છે. રાજ્યસભાની ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે. ઉત્તર પ્રદેશમાં ૧૦ અને ઉત્તરાખંડમાં એક બેઠક માટે ૧૬ ઓક્ટોબરે મતદાન થશે.

નોંધનીય છે કે રાજ્યસભાના ૧૧ સાંસદોનો કાર્યકાળ ૨૫ નવેમ્બરે સમાપ્ત થઈ રહ્યો છે. આમાંથી આઠ ભાજપના, એક બહુજન સમાજ પાર્ટીના અને એક સમાજવાદી પાર્ટીના છે. ભાજપ તરફથી નરેશ બંસલ, બ્રિજલાલ, સીમા દ્વિવેદી, ચંદ્રપ્રભા, હરદીપ સિંહ પુરી, નીરજ શેખર, અરુણ સિંહ અને બીએલ વર્માનો કાર્યકાળ પણ સમાપ્ત થઈ રહ્યો છે. સમાજવાદી પાર્ટી તરફથી રામ ગોપાલ યાદવ અને બસપાના એકમાત્ર સાંસદ રામજી પણ નિવૃત્ત થઈ રહ્યા છે. ચૂંટણી પંચ દ્વારા જારી કરાયેલી પ્રેસ નોટ અનુસાર, રાજ્યસભા ચૂંટણી માટેનું જાહેરનામું ૨૯ સપ્ટેમ્બરે બહાર પાડવામાં આવશે. ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ ૬ ઓક્ટોબર રહેશે. ઉમેદવારો ૯ સપ્ટેમ્બર સુધી પોતાના ઉમેદવારીપત્રો પાછા ખેંચી શકશે. ચૂંટણી ૧૬ ઓક્ટોબર, શુક્રવારના રોજ સવારે ૯:૦૦ થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી યોજાશે. મતગણતરી ૧૬ ઓક્ટોબરે થશે.

# જમ્મુ-કાશ્મીરમાં ૨૫ આતંકવાદીની શોધખોળ

## સુરક્ષા દળોએ રાજૌરી-પુંછથી કઠુઆ સુધીના જંગલોમાં ઓપરેશન : ચાર સ્થાનિક આતંકવાદીઓમાંથી ત્રણ અનુભવી આતંકવાદી

નવીદિલ્હી, તા. ૨૨

જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા દળો આશરે ૨૫ આતંકવાદીઓને શોધવા માટે મોટા પાયે સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. સુરક્ષા એજન્સીઓને મળેલા ઇનપુટ્સ અનુસાર, આ આતંકવાદીઓમાં ચાર સ્થાનિક આતંકવાદીઓ અને ૨૧ પાકિસ્તાની આતંકવાદીઓનો સમાવેશ થાય છે. તે બધા જમ્મુ વિભાગના વિવિધ વિસ્તારોમાં સક્રિય હોવાનું જાણવા મળે છે. સુરક્ષા એજન્સીઓ રાજૌરી-પુંછથી કઠુઆ સુધીના જંગલોમાં મોટા પાયે સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. માહિતી અનુસાર, ચાર સ્થાનિક આતંકવાદીઓમાંથી ત્રણ અનુભવી આતંકવાદી છે જે હિઝબુલ મુજાહિદ્દીન સાથે સંકળાયેલા હોવાનું જાણવા મળે છે. આમાં જહાંગીર સરૂરી અને તેનું જૂથ શામેલ છે, જે કિશ્તવાડ વિસ્તારમાં સક્રિય છે. નિક્કુ તરીકે ઓળખાતો બીજો સ્થાનિક આતંકવાદી કઠુઆ અને ઉધમપુર વચ્ચેના વિસ્તારમાં સક્રિય છે. ઇનપુટ્સ અનુસાર, નિક્કુ લાંબા સમય સુધી પાકિસ્તાનમાં આતંકવાદી તાલીમ મેળવ્યા પછી લગભગ બે વર્ષ પહેલાં ભારત પાછો ફર્યો હતો. ઓપરેશન સોહન દરમિયાન ૧૭ સપ્ટેમ્બરના રોજ સુરક્ષા દળોએ તેને ઘેરી લીધો હતો, પરંતુ તે સુરક્ષા ઘેરો તોડીને ભાગી જવામાં સફળ રહ્યો.

બાકીના ૨૧ પાકિસ્તાની આતંકવાદીઓમાંથી, છ થી આઠ પીર પંજાલ રેન્જમાં, ખાસ કરીને રાજૌરી અને પૂંચમાં સક્રિય છે. ઇનપુટ્સ રિયાસીમાં આશરે બે આતંકવાદીઓની હાજરી સૂચવે છે. બે થી ત્રણ આતંકવાદીઓનું એક નવું જૂથ તાજેતરમાં ડોડા જિલ્લામાં પ્રવેશ્યું છે. કિશ્તવાડમાં, જહાંગીર સરૂરી ઉપરાંત, જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા એક જૂથના સક્રિય હોવાની માહિતી પણ છે.



આ જૂથમાં બે થી ત્રણ આતંકવાદીઓ હોવાના અહેવાલ છે. દરમિયાન, ઉધમપુર અને કઠુઆ વચ્ચે આશરે ત્રણ આતંકવાદી જૂથો સક્રિય છે. આ બે થી ત્રણ આતંકવાદીઓ સતત તેમના સ્થાનો બદલી રહ્યા છે. ઉધમપુર અને કઠુઆના જંગલો અને પહાડી વિસ્તારોમાં તેમની પ્રવૃત્તિઓની જાણ થઈ રહી છે. ઇનપુટ્સના આધારે, સુરક્ષા દળોએ આતંકવાદીઓના આ વિવિધ જૂથોને ટ્રેક કરવા માટે રાજૌરી, પૂંછ, રિયાસી, રામબન, કિશ્તવાડ, ડોડા, ઉધમપુર અને કઠુઆના જંગલોમાં સર્ચ ઓપરેશન વધુ તીવ્ર બનાવ્યું છે. હાલમાં, સુરક્ષા દળોનું ધ્યાન આતંકવાદીઓને શોધવા, તેમને ઘેરી લેવા અને તેમની સામે કાર્યવાહી કરવા પર છે.

વર્ષ ૨૦૨૬ જમ્મુ અને કાશ્મીરમાં સતત આતંકવાદ વિરોધી કામગીરીનું વર્ષ રહ્યું છે. ૧ જાન્યુઆરીથી ૨૨ સપ્ટેમ્બર સુધી, જમ્મુ વિભાગ, કાશ્મીર ખીણ અને નિયંત્રણ રેખા (LoC) પર અસંખ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઉપલબ્ધ માહિતી અનુસાર, આ સમયગાળા દરમિયાન વિવિધ એન્કાઉન્ટર અને ઘૂસણખોરી વિરોધી કાર્યવાહીમાં ઓછામાં ઓછા ૧૫ આતંકવાદીઓ માર્યા ગયા હતા. વર્ષની શરૂઆતમાં જમ્મુ વિભાગમાં આતંકવાદીઓ સામેની કાર્યવાહી વધુ તીવ્ર બની હતી. ૨૩ જાન્યુઆરીએ, કઠુઆના બિલ્લાવરના પરહેતર વિસ્તારમાં સંયુક્ત કાર્યવાહી દરમિયાન જૈશ-એ-મોહમ્મદના એક પાકિસ્તાની આતંકવાદી ઉસ્માન ઉર્ફે અબુ માવિયા માર્યા ગયા હતા.

આ પછી, ૪ ફેબ્રુઆરીએ, ઉધમપુરના બસંતગઢના જોફર જંગલમાં એક કાર્યવાહી દરમિયાન જૈશ-એ-મોહમ્મદના બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. તે જ દિવસે કિશ્તવારના છત્રુ વિસ્તારમાં એક અલગ એન્કાઉન્ટરમાં બીજો એક આતંકવાદી માર્યો ગયો હતો. ૨૨ ફેબ્રુઆરીએ, કિશ્તવારના છત્રુ વિસ્તારમાં ઓપરેશન ત્રશી-૧ દરમિયાન જૈશ કમાન્ડર સૈફુલ્લાહ સહિત ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હતા.

### ઓનલાઇન ઓફલાઇન છેતરી જનારા ગઠીયાઓ વચ્ચે પરિચીતો પણ આપી જાય છે ઘા

# મહિલાને દંપતિએ લગાવ્યો ૭ લાખનો ચૂનો

## સોલાર પેનલના ધંધાના બહાને ચાલીસ ગ્રામ સોનાના બિસ્કીટ દાગીના મેળવી લીધા બાદ પાછા ન દીધાઃ બીજી તરફ ઇ-ચલણની એપીકે ફાઇલથી વૃધ્ધને પોણા સાત લાખ અને મહિલા એચઆરને પાંચ લાખનો ડામ અપાયો

રાજકોટ, તા.,૨૨

છેતરપીંડીના કિસ્સામા અજાણ્યા અને સાયબર ગઠીયાઓ જ ખેલ પાડી જાય એવુ નથી. ઘણીવાર ઘરના જ ઘાતકી થઇ જતાં હોય છે. ઠગાઇની આવી એક ઘટના સામે આવી હતી. જેમાં સોલાર પેનલના ધંધાના નામે યુવતિ સાથે એક પીરચીત દંપતિ જ ઠગાઇ કરી ગયુ હતું. તેની પાસેથી છ લાખ નેવુ હજાર ઉસેડીને બંને ગાયબ થઇ ગયા હતા. કંપનીમાં એચઆર મેનેજર તરીકે નોકરી કરતી યુવતિ સાથે તેના જુના પરિચીત મિત્ર અને મિત્રની પત્નિએ આ ઠગાઇ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરામાં મિત્રતાનો ગેરલાભ લઈને સોનાના બિસ્કિટ તથા દાગીના મેળવી પરત નહીં આપી છેતરપિડી કરવામા આવી છે. બિલ કેનાલ રોડ વિસ્તારમાં રહેતી મહિલાએ ગોત્રીના દંપતી સામે રૂ.૬.૯૦ લાખની ઠગાઈની ફરિયાદ નોંધાવી છે. જેને આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી. વધુ વિગત મુજબ બિલ કેનાલ રોડ વિસ્તારમાં રહેતી તેત્રીસ વર્ષીય પુનમબેન શાહે પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે તેઓ આશરે પંદર વર્ષથી અતુલકુમાર પાટીલને ઓળખે છે અને બંને વચ્ચે મિત્રતા હતી. પતિ સાથે અણબનાવ બાદ તેઓ વર્ષ ૨૦૨૩માં અટલાદરા વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેવા આવ્યા હતા. તે સમયે અતુલ પાટીલ અને તેની પત્ની સપના પાટીલ પણ તેમની સાથે રહેવા આવ્યા હતા.

આ પછી અતુલે સોલાર પેનલનો ધંધો ભાગીદારીમાં શરૂ કરવાની વાત કરી પુનમબેન પાસેથી ૧૦ ગ્રામના ચાર એવા ૪૦ ગ્રામ વજનના ૨૪ કેરેટ સોનાના બિસ્કિટ લીધા હતા. તેની કિંમત આશરે રૂ.૨.૩૯ લાખ હતી અને ધંધો સેટ નહીં થાય તો ત્રણ મહિનામાં પરત આપવાની ખાતરી આપી હતી. ત્યારબાદ પુનમબેન વતન ઉમરેઠ જવાના હોવાથી તેમણે પોતાના સોનાના દાગીના પણ અતુલ




અને તેની પત્ની સપનાને સાચવવા માટે આપ્યા હતા. જેમાં સોનાનો હાર, વીંટીઓ, ડાયમંડ પેન્ડન્ટ અને મંગળસૂત્ર સહિત રૂ.૪.૨૦ લાખના દાગીનાનો સમાવેશ થતો હતો.

ત્યારબાદ પુનમબેન વડોદરા પરત આવ્યા બાદ દાગીના પરત માંગતા અતુલ સમય પસાર કરતો હતો. દરમિયાન અતુલના કપડામાંથી મળેલી સ્લીપ પરથી તેમનો સોનાનો હાર મુથૂટ ફાઇનાન્સમાં ગીરવે મૂક્યો હોવાનું જાણવા મળ્યું હતું. ઉપરાંત પુનમબેને બંનેને અલગ-અલગ સમયે ગૂગલ પેથી રૂપિયા ત્રીસ હજાર પણ આપ્યા હતા. આમ સોનાના બિસ્કિટ, દાગીના અને રોકડ મળી કુલ રૂ.૬,૯૦,૪૯૩ની મત્તા પરત નહીં આપી અતુલ પાટીલ અને સપના પાટીલે વિશ્વાસઘાત તથા છેતરપિંડી કરી હોવાનો આક્ષેપ કરી પુનમબેને બંને સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ સાથે ફરિયાદ નોંધાવી હતી. આમ મહિલાને તેનો જ પરિચીત જુનો મિત્ર પોતાની પત્નિ સાથે મળી ચૂનો લગાવી ગયો હતો.

બીજી તરફ એપીકે ફાઇલથી ઇ-ચલણ મોકલી ઠગાઇ કરવાના વધી ગયેલા કિસ્સામાં વધુ બે બનાવનો ઉમેરો થયો છે. અમદાવાદમાં એક વૃદ્ધને એપીકે ફાઇલ મોકલી બે દિવસમાં ખાતામાંથી ૬.૭૪ લાખ ઉપાડી લેવામાં આવ્યા હતાં. તો ખાનગી યુનિવર્સિટીની મહિલા એચઆરને ટ્રાફિક પોલીસના નામે એપીકે ફાઇલ મોકલી પાંચ લાખ ઉપાડી લેવામાં આવ્યા છે.સાયબર ક્રાઈમે બંને કેસમાં અલગ અલગ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી. મળતી માહિતી અનુસાર ઘાટલોડિયામાં રહેતા સાંઇઠ વર્ષે વૃદ્ધના પિતા ફેસબુક પર રીલ જોતા હતા.તે દરમિયાન ફોનમાં અજાણ્યા નંબર પરથી આવેલી એપીકે ફાઇલ ડાઉનલોડ થઈ ગઈ હતી.જે બાદ ફોન હેંગ થઈ ગયો હતો.

બાદ સાંજે ફોનમાંથી એપીકે ફાઈલ શોધીને ડીલીટ કરવામાં આવી અને ફોન રીસ્ટાર્ટ કરવામાં આવ્યો હતો.ત્યારબાદ બીજા દિવસે ફોનમાં પૈસા ઉપડ્યા હોવાના અલગ અલગ મેસેજ આવવા લાગ્યા હતા. વૃદ્ધે તપાસ કરી ત્યારે ફોન પે અને ગુગલ પેમાં ઓટો પે થઈ ગયું હતું. જેમાં ૧૨ અલગ અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા તેમના ખાતામાંથી ૬.૭૪ લાખ રૂપિયા ઉપડી ગયા હતા.વૃદ્ધે તાત્કાલિક સાયબર હેલ્પલાઇન નંબર ઉપર ફોન કરીને જાણ કરી હતી અને અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.

બીજી આવી ઠગાઇ જોઇએ તો નારણપુરામાં રહેતા અને ખાનગી યુનિવર્સિટીમાં એચઆર તરીકે ફરજ બજાવતા ૪૬ મહિલાના અદાણીના બિલ અંગેનો મેસેજ આવ્યો હતો.જે બિલનું પેમેન્ટ કરવા છતાં પેમેન્ટ થઈ રહ્યું નહતું.આ દરમિયાન મહિલાનો ફોન પર ટ્રાફિક પોલીસ ડિપાર્ટમેન્ટના નામથી એક પરિવહન નામની એપીકે ફાઇલ આવી હતી.ફાઇલ ડાઉનલોડ કરી તો એક રૂપિયાનું પેમેન્ટ પ્રોસેસ કરવાનુ જણાવતા હતા.આ દરમિયાન જ મહિલાના ફોનમાં અલગ અલગ એપ્લિકેશન રજીસ્ટ્રેશન અને બેંકને લગતા ઓટીપી આવવા લાગ્યા હતા જેથી મહિલાને શંકા ગઈ અને તપાસ કરાવી તો અલગ અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા તેમના ખાતામાંથી ૫ લાખ રૂપિયા ઉપડી ગયા હતા.મહિલાએ એપીકે ફાઈલ ડાઉનલોડ કરતા જ તેમના ફોનનું એક્સેસ સાઈબર ગઠિયાઓએ મેળવી લીધું અને અલગ અલગ ટ્રાન્જેક્શન દ્વારા લાખો રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા. આ બંને કિસ્સાની પોલીસે તપાસ શરૂ કરી હતી.

# યુવતિથી માતાનો ઠપકો નહિ ઝીરવાતા જિંદગી તરછોડી

## સરધારના હરિપર પાસે હીટ એન્ડ રનમાં હીરાઘસુનું મોત
## ભગવતીપરાના ગેરેજ સંચાલકનું રિક્ષામાં બેભાન થયા બાદ મોત



રાજકોટ, તા.૨૨

અપમૃત્યુના વધુ ત્રણ બનાવ સામે આવ્યા હતાં. જેમાં એક કિસ્સામાં ભગવતીપરા બોરીચા સોસાયટી શેરી નં. ૨માં રહેતી ઓગણીસ વર્ષની યુવતિએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. જાણવા મળ્યા મુજબ બોરીચા સોસાયટી-૨માં રહેતી પ્રિયંકોબન હિતેષભાઇ જાદવ નામની ઓગણીસ વર્ષની યુવતિએ ઘરે પંખામાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ લેતાં મોત થયું હતું. બનાવની જાણ થતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી અને મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

આપઘાત કરનાર પ્રિયંકા એક ભાઇથી નાની હતી. તેના પિતાને કરીયાણાની દુકાન છે. માતાએ કામ બાબતે સમજાવતાં માઠુ લાગી જતાં આ પગલુ ભર્યાનું તારણ નીકળ્યું હતું. લાડકવાયી દિકરીના આ પગલાથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. પીએસઆઇ એમ. આઇ. શેખએ જરૂરી કાર્યવાહી કરી હતી.

બીજી ઘટનામાં સરધારના હરિપર ગામે રહેતાં ચાલીસ વર્ષના કિશોરભાઇ વજુભાઇ સોલંકી નામના યુવાનનું હિટએન્ડ રનમાં ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતું. કિશોરભાઇ સોલંકી ગઇકાલે સાંજે સાડા સાતેક વાગ્યે હરિપર અને બાડપર વચ્ચે ચાલીને જતાં હતાં ત્યારે કોઇ અજાણ્યા બાઇકનો ચાલક ઠોકરે લઇ ભાગી જતાં ગંભીર ઇજા થતાં સારવાર હેઠળ હતાં. તેમનું આજે મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. કિશોરભાઇ હરીપર ગામે હીરા ઘસવાની મજુરી કરતાં હતાં. કામેથી ઘરે જતાં હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. તે ચાર ભાઇમાં ત્રીજા હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

ત્રીજા બનાવમાં ભગવતીપરા મેઇન રોડ પર સદ્દગુરૂ પાર્ક મસ્જીદ પાસે રહેતાં રશીદબીન અલીબીન તામીમી નામના ચુમાલીસ વર્ષના આધેડ સવારે નવેક વાગ્યે રિક્ષામાં બેસીને ગોંડલ રોડ પર આવેલા પોતાના ગેરેજ ખાતે જઇ રહ્યા હતાં ત્યારે મક્કમ ચોકમાં તબીયત બગડતાં રિક્ષામાં જ બેભાન થઇ જતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંથી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં માતમ છવાઇગયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરત) એ-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. મૃતયુ પામનાર ત્રણ બહેન અને બે ભાઇમાં મોટા હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. હૃદય રોગનો હુમલો આવી ગયાની શક્યતા જણાવાઇ હતી. પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવી જરૂરી કાર્યવાહી કરી હતી.

### ડીસીબીની ટીમે તેની સાથે તેના ભાઇ સિકંદર ઉર્ફે ઉંદેડાને પણ દબોચ્યો

# ૨૦૦ કિલો ગાંજો સપ્લાય કરનાર હડાળાનો અમીન ઉર્ફે ગોરખા ઝડપાયો

## સેલ્ફમાં ભાડે કાર લઇ ઓરિસ્સાથી હેરાફેરી કરતોઃ ત્યાં ભાડે મકાન પણ રાખ્યું હતુ

રાજકોટ, તા.૨૨

એક કરોડથી વધુની કિમતના બસ્સો કિલો ગાંજાની સપ્લાયમાં મુખ્ય સુત્રધારને તેના ભાઇ સાથે શહેર ડીસીબીએ ઝડપી લઇ વધુ તપાસ હાથ ધરી હતી. શહેર એસઓજીએ એક મહિના પહેલા બામણબોર નજીકથી ૧ કરોડ ૨ લાખની કિંમતનો ૨૦૪ કિલો ગાંજો ઝડપી લઇ રાજકોટ ઉપલેટાના બે શખ્સને પકડી લીધા હતાં. પુછતાછમાં મુખ્ય સપ્લાયર તરીકે રાજકોટના હડાળાના અમિત ઉર્ફે ગોરખો અને તેના મિત્રના નામ ખુલ્યા હતાં. આ બંનેને બાતમીને આધારે ડીસીબીની ટીમે હડાળાના પાટીયા પાસેથી ઝડપી લીધા હતાં.




વિગતો જોઇએ તો અમિત ઉર્ફે ગોરખો ઓરિસ્સામાં મકાન ભાડે રાખી ત્યાંથી સૌરાષ્ટ્રભરમાં ગાંજાની સપ્લાય કરતો હોવાનું અને અગાઉ પણ તેણે આ રીતે ગાંજાની ખેપ મારી હોવાનું ખુલ્યું હતું. ગત અઢારમી ઓગષ્ટના રોજ એસઓજીના રાજેશભાઇ બાળા અને સિધ્ધરાજસિંહ જાડેજાની બાતમી પરથી બામણબોર ચેકપોસ્ટ પાસે જીજે૦૩બીવી-૫૧૧૨ નંબરનો ટ્રક આંતરી લઇ તપાસ કરતાં તેમાં સ્ટીલના પાઇપની આડમાં છુપાવાયેલો ૧ કરોડથી વધુનો ગાંજો મળી આવ્યો હતો. આ ટ્રકમાં બેઠેલા બે શખ્સો મહમદ ઉર્ફે કાળો હુશેનભાઇ ઉર્ફે કડીબાપુ સરવદી (રહે. બાપા સિતારામ ચોક, કોળીવાડા આહિરના મકાનમાં ભાડેથી ઉપલેટા) તથા અરબાઝ સલીમભાઇ સંધી (ભગવતીપરા સૈફી પાર્ક બ્લોક નં. ૨૩)ને ઝડપી લેવાયા હતાં.

આ બંને શખ્સોની પુછતાછ થતાં આ ગાંજાનો જથ્થો ઓસ્સિાથી મુળ રાજકોટના મોરબી રોડ પર મોમાઇ હોટેલ પાછળ હડાળામાં રહેતાં અમિત ઉર્ફે ગોરખાએ ભરી આપ્યો હોવાનું કબુલ્યું હતું. આ ગાંજો જંગલેશ્વર વિસ્તારના રમિઝ ઉર્ફે માયો રજાકભાઇને પહોંચાડવાનો હતો. સપ્લાયર અમિત ઉર્ફે ગોરખાને શોધવા ડીસીબીની ટીમ સક્રિય બની હતી દરમિયાન પીએસઆઇ એસ. એમ. રાણા, હેડકોન્સ. સંજયભાઇ, રાહુલભાઇ અને નિકુંજભાઇને બાતમી મળતાં અમિત ઉર્ફે અમિન ઉર્ફે ગોરખો ખમીશભાઇ કાતીયાર (ઉ.વ.૨૮) અને તેની સાથે તેના ભાઇ સિકંદર ઉર્ફે ઇમરાન ઉર્ફે ઉંદેડો ખમીશાભાઇ કાતીયાર (ઉ.વ. ૨૬) (રહે. બંને હડાળા ગામ, શક્તિવાડીની સામે પૂજા પાર્ક મોરબી રોડ)ને પકડી લીધા હતાં. અગાઉ પોલીસે મહમંદ ઉર્ફે કાળો, અરબાઝ અને મંગાવનાર તરીકે નામ ખુલેલુ તે કોઠારીયા રોડ ન્યુ સાગર સોસાયટીના રજમીન ઉર્ફે રમીજ ઉર્ફે માયો ઉર્ફે ભાણો રજાકભાઇ પતાણીને પકડી લીધા હતાં.

અમિત ઉર્ફે અમીન ઉર્ફે ગોરખો રાજકોટથી ઓરીસ્સા આવ જા કરે છે અને તેણે ઓરીસ્સામાં મકાન ભાડે રાખ્યું છે. ત્યાંથી તે ગાંજો લઇ ભાડાની કારમાં તેમજ ટ્રકમાં રાજકોટમાં સપ્લાય કરી ચુક્યો છે. તેની વિશેષ પુછતાછ માટે રીમાન્ડની તજવીજ થઇ રહી છે. મદદગારીમાં તેનો ભાઇ સામેલ હોઇ તેને પણ પકડી લેવાયો છે. પોલીસના કહેવા મુજબ તે આંતરરાજ્ય ગુનેગાર છે અને બી-ડિવીઝનના માદક પદાર્થના ગુનામાં પણ નાસતો ફરતો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચનાથી પીઆઇ એ. એસ. ચાવડા, પીઆઇ એમ. એલ. ડામોર, પીઆઇ સી. એચ. જાદવ અને પીએસઆઇ એસ. એમ. રાણા, એએસઆઇ ભરતભાઇ વનાણી, ઘનશ્યામભાઇ મેણીયા, મહેશભાઇ સોલંકી, હેડકોન્સ. સંજયભાઇ અલગોતર, રાહુલભાઇ ગોહેલ, સુભાષભાઇ ઘોઘારી, મોહિલરાજસિંહ ગોહિલ, કોન્સ. ધર્મરાજસિંહ રાણા, નિકુંજભાઇ મારવીયાએ આ કામગીરી કરી હતી.

### બાધવાનું જાણે બહાનુ જ ગોતતા હોયઃ પાઇપ, તાવીથા, ગડદાપાટુથી બાકાઝીકી

# ઢાળ પર વાહન અડવા જેવી વાતે ફિલ્મીઢબે ધમાલ

## કોઠારીયા સ્વાતિ પાર્ક રોડ પર બ્રીજનું કામ ચાલુ છે તે સ્થળે બનાવઃ બે ભાઇઓને પાઇપ-તાવીથાથી ફટકારાયાઃ સામા પક્ષે એકને પાઇપના ઘા પડતાં હાથમાં ફ્રેકચરઃ એક મહિલા પણ બટાઝટીમાં સામેલ

અમદાવાદ, તા.૨૨

નહિ જેવી વાતે લોકો એક બીજા પર ઉશ્કેરાઇ બાકાઝીકી પર ઉતરી આવતાં હોય છે. આવી જ વધુ એક ઘટના કોઠારીયા સ્વાતિ પાર્ક રોડ પર બ્રીજનું કામ ચાલુ છે તે સ્થળે બની હતી. અહિ ઢાળ પરથી બાઇક પસાર કરતી વખતે યુવાનનું બાઇક પાછળ ઢળતાં પાછળ ઉભેલા એક્ટીવામાં અડી જતાં તેના ચાલકને એકટીવા સ્હેજ પાછળ લેવાનું કહેતાં ઝઘડો કરી બીજા શખ્સ, મહિલાને બોલાવી બાઇકચાલક પર પાઇપથી તેમજ ચા બનાવવાના તાવીથાથી હુમલો કરી આજે તો મારી જ નાંખવો છે કહી હવે પછી જ્યાં ભેગો થા ત્યાં મારી નાંખીશ તેવી ધમકી દેતાં ફરિયાદ થઇ છે. સામા પક્ષે એક્ટીવાચાલક પણ પોતાના હાથમાં ગંભીર ઇજા થયાની ફરિયાદ સાથે દાખલ થયો હતો. આ મારામારીમાં પાઇપ, તાવીથા અને ઢીકાપાટુનો ઉપયોગ થયો હતો.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં આજીડેમ પોલીસે ૧૫૦ ફુટ રીંગ રોડ ગોવર્ધન ચોક ઇગલ રેસીડેન્સીમાં રહેતાં પચ્ચીસ વર્ષના વિવેક રમેશભાઇ પરસાણાની ફરિયાદ પરથી વનરાજભાઇ, મયુરભાઇ અને અજાણી મહિલા સામે ગુનો નોંધ્યો છે. વિવેક પરિવાર સાથે રહે છે અને પિતાના કાસ્ટીંગના ધંધામાં મદદ કરે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે હું સોમવારે સાંજે સાડા પાંચેક વાગ્યે મારા પત્નિ જેન્સીબેનને બાઇકમાં બેસાડી સ્વાતિ પાર્ક મેઇન રોડ રામેશ્વર સોસાયટી ખાતે મારા સસરાના ઘરે મુકવા જતો હતો ત્યારે પોણા છએક વાગ્યે બોલબાલ રોડ પર બ્રીજનુ કામ ચાલુ હોઇ બ્રીજ નીચે પહોંચતા સામે ક્રિષ્ના પેટ્રોલ પંપ તરફ કાદવ કિચડ હોઇ અને થોડો ઢાળ હોઇ મેં મારા પત્નિને બાઇકમાંથી ઉતરવા જવા કહ્યું હતું.



આ પછી તેણી આગળ ક્રિષ્ના પંપ પાસે ચાલીને ગઇહતી. હું બાઇકને ઢાળ ચડાવતો હતો ત્યારે મારુ બાઇક સ્હેજ પાછળ પડતાં પાછળ ઉભેલા એક્ટીવાવાળાને અડી ગયું હતું. આથી મેં એક્ટીવાચાલકને તેનું વાહન થોડુ પાછળ લેવા કહ્યું હતું. આ સાંભળી તે ઉશ્કેરાઇ ગયો હતો અને તારે શું છે, હું મારુ એક્ટીવા પાછળ નહિ લઉ તેમ કહ્યું હતું અને મને ગાળો દેવા માંડ્યો હતો. આ પછી હું મારા પત્નિ આગળ ઉભા હોઇ ત્યાં ગયો હતો. આ વખતે એક્ટીવાચાલક ફરી મારી પાસે આવ્યો હતો અને ગાળો દેવા માંડ્યો હતો. તેમજ ઝપાઝપી કરવા માંડતા ટોળુ ભેગુ થઇ જતાં અમને છુટા પાડ્યા હતાં. આ દરમિયાન મેં મારા મોટા ભાઇ પારસભાઇને અને મારા પત્નિએ મારા સસરા કૌશિકભાઇને ફોનથી જાણ કરી હતી.

એ દરમિયાન એક્ટીવાચાલકે ફોન કરતાં તેના જાણીતા મયુરભાઇ આવી ગયા હતાં. મયુરભાઇએ સાથે એક મહિલા પણ હતાં. બાદમાં આ ત્રણેયએ મળીને મારકુટચાલુ કરી હતી. મહિલાના હાથમાં પાઇપ હોઇ તે વનરાજે લઇ આજે તો તને પતાવી જ દેવો છે કહીને મને માથામાં, શરીરે આડેધડ માર માર્યો હતો. મારા પત્નિ સાથે પણ મહિલાએ ઝપાઝપી કરી હતી. એ દરમિયાન મારા ભાઇ અને સસરા આવી જતાં મને વધુ મારથી બચાવ્યો હતો. આટલીવારમાં મયુરભાઇ સામે ચાની હોટેલ હોઇ ત્યાંથી તાવીથો લાવ્યો હતો અને મને પીઠ પર ઘા ફટકાર્યા હતાં. મારા ભાઇ પારસભાઇ વચ્ચે પડતાં તેને પણ હાથ પર તાવીથો મારી દીધો હતો.

માણસો ભેગા થઇ જતાં વનરાજ સહિતના ભાગી ગયા હતાં. જતાં જતાં પણ વનરાજે હવે તું જ્યાં ભેગો થયો ત્યાં મારી નાખવો છે તેવી ધમકી આપતો ગયો હતો. બાદમાં મેં ૧૦૮ બોલાવી હતી અને સારવાર માટે દાખલ થયો હતો. તેમ વધુમાં વિવેક પરસાણાએ જણાવતાં ગુનો નોંધાયો છે.

બીજી તરફ આ મારામારીમાં રણુજા મંદિર પાસે તિરૂપતીનગર-૩માં રહેતાં અને ટેલીકોમને લગતું કામ કરતાં વનરાજભાઇ બાવકુભાઇ ગોગડા નામના પિસ્તાલીસ વર્ષીય આધેડ પણ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા છે. તેણે પોતાના પર સ્વાતિ પાર્કના રોડ પર અજાણ્યા બાઇકચાલકે પોતાના પર હુમલો કરી પાઇપ ફટકારી હાથમાં ફ્રેકચર કરી નાંખ્યાનું કહ્યું હતું. વનરાજભાઇએ જણાવ્યું હતું કે મારા પત્નિ દક્ષાબેનને બાઇકમાં બેસાડીને જતો હતો ત્યારે બ્રીજનું કામ ચાલુ હોઇ એક્ટીવા ઢાળ પર ચડાવતો હતો તે વખતે બાઇક પાછળ આવતાં તેના ચાલકને ધ્યાન રાખવાનું કહેતાં ઝઘડો કરી બીજ બે શખ્સોને બોલાવી મારા પર હુમલો કર્યો હતો. આજીડેમ પોલીસે બંને પક્ષની ફરિયાદને ધ્યાને લઇ આગળ તપાસ હાથ ધરી હતી.

### વિદેશ જવા અને ત્યાં નોકરી મેળવવા ઇચ્છુક વધુ એક વ્યક્તિ બની ફ્રોડનો શિકાર

# વર્ક પરમીટને બદલે વિઝીટર વિઝા પર મોકલ્યા વિદેશ

### મલેશીયા પહોંચ્યા પછી સિક્યુરીટી સુપરવાઇઝરને છેતરાયાની ખબર પડતાં પરત વતન આવવું પડ્યું : ફ્રોડના બીજા બનાવમાં ઓનલાઇન સાડાત્રણસોની કુરતી મંગાવવા જતાં ગુમાવી દીધા પોણા બે લાખ

રાજકોટ, તા. ૨૨

વિદેશમાં નોકરી અને વર્ક પરમીટ વિઝા અપાવી દેવાના નામે સતત ઠગાઇ થતી રહે છે. આવા કિસ્સા રાજ્યભરમાં સામે આવતાં રહે છે. રોજબરોજ કે એકાંતરા આ પ્રકારની ઠગાઇના બનાવો નોંધાય છે. આમ છતાં વિદેશ જવા ઇચ્છુકો જાગૃત થતાં નથી અને ગમે તેવા કહેવાતા એજન્ટો પર ભરોસો કરી નાણા ધરી દઇ પછી પેટ ભરીને પસ્તાવો કરતાં હોય છે. આવી વધુ એક ઠગાઇ થઇ હતી. જેમાં મલેશીયામાં નોકરી અને વર્ક પરમીટ વિઝાના નામે એક એજન્ટ સિક્યુરીટી સુપરવાઇઝર આધેડના રૂપિયા ખાઇ ગયો હતો. રૂપિયા લીધા બાદ તેને માત્ર વિઝટર વિઝા પર મલેશીયા મોકલી દીધા હતા. ત્યાં પહોંચ્યા બાદ યુવાનને પોતાની સાથે ફ્રોડ થયાની ખબર પડી હતી.

વિગતો પર નજર કરીએ તો મલેશિયામાં નોકરી અપાવવાના બહાને હાલોલના એક અઠાવન વર્ષીય વ્યક્તિ પાસેથી એક લાખ જેટલી રકમ મેળવી વર્ક વિઝાના બદલે વિઝિટર વિઝા પર મલેશિયા મોકલી આપ્યા હોવાની ફરિયાદ નોંધાઈ છે. નારાયણી કન્સલ્ટન્સીના ગૌરવ શુક્લાએ રૂ.૪૦થી ૪૫ હજાર પગાર ઉપરાંત રહેવા, જમવા અને મેડિકલની સુવિધા આપવાની ખાતરી આપી હતી. પરંતુ આવી સુવિધા આપી નહોતી. આ અંગે કરણસિંહ નટવરસિંહ જાદવે ગૌરવ શુક્લા વિરૂધ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. વધુ માહિતી અનુસાર પંચમહાલ જિલ્લાના હાલોલની ધવલપાર્ક સોસાયટીમાં રહેતા કરણસિંહ જાદવ સિક્યોરિટી એજન્સીમાં સુપરવાઇઝર તરીકે નોકરી કરે છે. વધુ કમાણી માટે વિદેશ જવાની ઇચ્છા હોવાથી તેમણે અખબારમાં નારાયણી કન્સલ્ટન્સીની વિદેશમાં નોકરી અંગેની જાહેરાત જોઈ હતી.

જાહેરાતમાં આપેલા નંબર પર સંપર્ક કરતા કન્સલ્ટન્સી સંચાલક ગૌરવ શુક્લા સાથે વાતચીત થઈ હતી. શરૂઆતમાં અર્મેનિયા અને મોરેશિયસના વર્ક વિઝાની વાત થયા બાદ રૂ.૧ લાખની ફીમાં મલેશિયાનો વર્ક વિઝા બનાવી આપવાની ખાતરી આપવામાં આવી હતી. કરણસિંહે રૂ.૩૦ હજાર અને રૂ.૫૫ હજાર ગુગલ-પેથી ચૂકવ્યા હતા. બાદમાં રૂ.૫૦ના સ્ટેમ્પ પેપર પર કરાર કરી મલેશિયામાં રૂ.૪૦થી ૪૫ હજાર પગાર, રહેવા-જમવા તથા મેડિકલની સુવિધા આપવાની શરતો નક્કી કરવામાં આવી હતી. જોકે, ગૌરવ શુક્લાએ વર્ક વિઝાના બદલે એક મહિના માટે વિઝિટર વિઝા આપીને મલેશિયા મોકલ્યા હતા. મલેશિયા પહોંચ્યા બાદ સ્થાનિક એજન્ટ ચન્દ્રન રમનને રૂ.૧૫,૫૩૩ જેટલી રકમ ચૂકવવામાં આવી




હતી. ત્યારબાદ યકીન સોલ્યુશનના સંચાલક વિનોદકુમારે તેમને જણાવ્યું કે કંપનીમાં શરૂઆતનો પગાર રૂ.૨૨ હજાર જેટલો રહેશે અને જમવાની સુવિધા મફત નથી.

વિઝિટર વિઝા પર રહેતા હોવાથી એક મહિના બાદ વર્ક વિઝા ન બને તો મુશ્કેલી ભી થઈ શકે તેમ પણ જણાવાયું હતું. આથી કરણસિંહે ગૌરવ શુક્લાનો સંપર્ક કરી પરત આવવાની ટિકિટ રદ ન કરવા જણાવ્યું હતું. તેમ છતાં ટિકિટ રદ થઈ જતા તેમને એક મહિનો મલેશિયામાં રહેવું પડ્યું હતું. એક મહિના બાદ તેઓ ભારત પરત આવ્યા હતા. મલેશિયામાં નક્કી કરાયેલા પગાર, જમવાના ખર્ચ અને પરત ફરવાની ટિકિટના નાણાંની માગણી કરતા ગૌરવ શુક્લાએ કોઈ રકમ નહીં મળે તેમ કહી દીધું હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે. આમ કુલ રૂ.૧,૦૦,૫૩૩ જેટલી રકમ લઈ વર્ક વિઝા ન બનાવી આપી છેતરપિંડી કરી હોય કરણસિંહે કાયદેસરની કાર્યવાહી કરવાની માગણી કરી હતી. અહિ રકમ ઓછી હતી પરંતુ ઠગાઇની ઘટના બની હોઇ લોકો જાગૃત થાય તે જરૂરી છે.

બીજી એક ઠગાઇ જોઇએ તો ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં રહેતી અને ડેન્ટિસ્ટ બનવા માટે બીડીએસનો અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીને ઇન્સ્ટાગ્રામ પર કુરતીની લિંક પરથી ખરીદી કરવાનો કડવો અનુભવ થયો છે. સાયબર ઠગોએ શરૂઆતમાં માત્ર રૂપિા સાડા ત્રણસોની કુરતીના ઓર્ડર બાદ ટેકનિકલ ખામીઓ, ટ્રાન્ઝેક્શન ફેલ અને રિફંડ આપવાની લાલચ આપીને તબક્કાવાર કુલ ૧,૭૭,૭૫૬ નો ચૂનો લગાવી દીધો છે. આ મામલે છેતરાયેલી યુવતીએ ફરિયાદ નોંધાવતાં સેક્ટર-૭ પોલીસે કાર્યવાહી કરી હતી. આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા પર સસ્તા કપડાં કે આકર્ષક -ોડક્ટ્સની જાહેરાતો જોઈને ઓનલાઈન ખરીદી કરવી કેટલી જોખમી સાબિત થઈ શકે છે તેનો આ કિસ્સો ઉત્તમ ઉદાહરણ છે.

સરગાસણ સ્થિત સમૃદ્ધિ હાઇટ્સમાં મિત્રો સાથે રહીને ગોયંકા હોસ્પિટલમાં અભ્યાસ કરતી વીસ વર્ષીય ક્ષિતિ નિનામા ગત ૮ સપ્ટેમ્બરના રોજ ઘરે હાજર હતી. તે વખતે તેની માતાએ વોટ્સએપ પર એક ઇન્સ્ટાગ્રામ રીલની લિંક મોકલી કુરતી પસંદ કરવા કહ્યું હતું. ક્ષિતિએ લિંક ઓપન કરી તેમાં દર્શાવેલા મોબાઈલ નંબર પર સંપર્ક કરતાં સામા પક્ષેથી કુરતીની કિંમત ૩૫૦ અને ડિલિવરી ચાર્જ ૧૦૦ જણાવી ઓનલાઇન પેમેન્ટ કરવા માટે જણાવ્યું હતું. ક્ષિતિએ દર્શાવેલા નંબર પર મેસેજ કરતાં સામેથી ઓર્ડરની સાઇઝ, એડ્રેસ, નામ તથા ડિલિવરી ચાર્જ અંગેની માહિતી ધરાવતો ઓટો-રિપ્લાય મેસેજ આવ્યો હતો. અજાણ્યા શખ્સે સાડા ત્રપણસો ઓનલાઈન મેળવવા માટે ક્ષિતિ પાસેથી સરનામું અને પિનકોડ સહિતની વિગતો મેળવી લીધી હતી.

ત્યારબાદ ઠગે વોટ્સએપ પર એક ક્ય કોડ મોકલ્યો હતો અને નાણાં ચૂકવ્યા બાદ ૨ થી ૩ દિવસમાં કુરતીની ડિલિવરી થઈ જશે તેવો ભરોસો આપ્યો હતો. ક્ષિતિએ બેંક ખાતામાંથી ક્યુઆર કોડ સ્કેન કરીને ૩૫૦ ટ્રાન્સફર કરી દીધા હતા, પરંતુ ત્યારબાદ ૧૦૦ નો ડિલિવરી ચાર્જ ચૂકવતી વખતે સિસ્ટમમાં ટ્રાન્ઝેક્શન ફેલ બતાવતું હતું. આ તકનો લાભ ઉઠાવી સાયબર ઠગે યુવતીને વિશ્વાસમાં લઈ અવનવા ક્યુઆર કોડ અને યુપીઆઇ આઇડી મોકલવાનું શરૂ કર્યું હતું. સિસ્ટમ એરર, સ્ક્રીનશોટ મેચ ન થવો અને ઓર્ડર પેન્ડિંગ હોવાના બહાના હેઠળ ઠગે યુવતી પાસેથી અલગ-અલગ તબક્કે મોટી રકમો ટ્રાન્સફર કરાવી લીધી હતી. વિદ્યાર્થીનીએ રૂપિયા પરત માંગતાં ઠગે સ્વેપ મશીનથી ૪૮ થી ૭૨ કલાકમાં તમામ નાણાં રિટર્ન થઈ જશે તેવી ખોટી ખાતરી આપી કુલ૧,૭૭,૭૫૬ પડાવી લીધા હતા.

# કોર્ટમાં કેમ જુબાની દીધી, કેસ પાછો ખેંચી લે મહિલાને લાફા મારી મહિલાની ધમકી

### અગાઉની ફરિયાદમાં સાક્ષી હોઇ પતિ સાથે જુબાની આપવા ગઇ તે નગમ્યું : જંગલેશ્વરના બનાવમાં ભક્તિનગર પોલીસે ગુનો દાખલ કર્યો

રાજકોટ તા. ૨૨

મારામારીની વધુ એક ઘટના બની હતી. જેમાં અગાઉની ફરિયાદમાં કોર્ટમાં જુબાની આપવા ગયેલી મહિલાને પાડોશી મહિલાએ લાફા મારી ધમકી દીધી હતી.

વિગતો પર નજર કરીએ તો જંગલેશ્વરની રાધાકૃષ્ણ સોસાયટીમાં રહેતાં મુળ યુપીના અલીગઢના દંપતિના ઘરે તેના સગામાં થતો યુવાન આવ્યો હોઇ તેના પર પાડોશી શખ્સે સામુ જોવા બાબતે ઝઘડો કરી છરીથી હુમલો કર્યો હતો. આ મામલે નોંધાયેલી પોલીસ ફરિયાદમાં યુપીનું દંપતિ પાડોશી શખ્સ વિરૂધ્ધ કોર્ટમાં નિવેદન નોંધાવવા જતાં ખાર રાખી પાડોશી શખ્સની માતાએ આવી ઝઘડો કરી યુપીની પરિણીતાને લાફા મારી જો કેસ પાછો નહિ ખેંચો તો બધાને મારી નાંખીશ તેવી ધમકી આપી હતી. આ બનાવમાં ભક્તિનગર પોલીસે મુળ ઉત્તરપ્રદેશ અલીગઢ દિલ્લીગેઇટ થાના વિસ્તારના સાયામાલ ગામની વતની અને હાલ જંગલેશ્વર રાધાકૃષ્ણનગર-૧૧માં રહેતી પાંત્રીસ વર્ષિય રૂબીનાબેન નઇમ ઉર્ફે બબલુ મુન્નેખાન સૈયદની ફરિયાદ પરથી તેના પાડોશમાં રહતાં



ઝરીનાબેન અજીતભાઇ હીંગોરા વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો.

વધુ માહિતી અનુસાર રૂબીનાબેન પરિવાર સાથે રહે છે અને તેના પતિ કારખાનામાં મજૂરી કરે છે. પોતે ચારેક વર્ષથી રાજકોટમાં રહે છે. તેણીએ ફરિયામદાં જણાવ્યું છે કે ૧૯મીએ બુધવાર હોવાથી પતિને કારખાનામાં રજા હતી. આથી તેના સંબંધી ઝુબેર અબ્દુલરજાક સૈયદ ઘરે આવ્યા હતાં. આ દરમિયાન પાડોશી સોહિલ હીંગોરાએ ઝુબેરને સામે જોવા બાબતે ઝઘડો કરી છરી મારી દેતાં તેને ઇજા થઇ હતી. આ કારણે સારવાર માટે દાખલ કરાયો હતો. જેથી રૂબીનાબેનના પતિ નઇમભાઇએ પાડોશી સોહિલ હીંગોરા વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરાવી હતી. આ ફરિયાદમાં રૂબીનાબેન સાક્ષી હોઇ કોર્ટમાં જવાનું હોઇ તેણી બપોરે પતિ સાથે કોર્ટમાં જવાની તૈયારી કરી રહી હતી. ત્યારે સોહીલના માતા ઝરીનાબેન અજીતભાઇ હીંગરાએ આવી તારે કોર્ટમાં જવાનું નથી તેમ કહ્યું હતું. આમ છતાં તેણી પતિ સાથે કોર્ટમાં ગઇ હતી અને નિવેદન લખાવી સાંજે ઘરે આવી ત્યારે ઝરીનાબેને આવી તને ના પાડી છતાં તું કેમ મારા દિકરા વિરૂધ્ધ નિવેદન લખાવાવ ગઇ હતી તેમ કહી તેણીને બે ત્રણ ફડાકા મારી દીધા હતાં. તેમજ જો કેસ પાછો નહિ ખેંચો તો બધાને મારી નાંખશું તેવી ધમકી આપી હતી. રૂબીનાબેનની ફરિયાદ પરથી ભક્તિનગરના પીએસઆઇ વી. એલ. રાઠોડે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

### છેક મહારાષ્ટ્રથી જથ્થો શહેરની ભાગોળ સુધી તો પહોંચ્યો પણ મંગાવનાર સુધી ન પહોંચી શક્યો

# બકાલાના જથ્થા પાછળ સાડા પાંચ લાખનો દારૂ

### પીસીબીની ટીમે કોઠારીયાથી લાપાસરીના રોડ પર બે રાજસ્થાનીને પીકઅપ બોલેરો સાથે પકડ્યા : પરસાણાનગરના બૂટલેગરે દારૂ મંગાવ્યાનું ખુલ્યું

રાજકોટ તા. ૨૨

દારૂબંધી હોવા છતાં ગુજરાતભરમાં દારૂ મળતો રહે છે અને પીવાતો રહે છે. બૂટલેગરો સપ્લાયરો પોલીસની આંખમાં ધુળ નાંખી નવા નવા નૂસ્ખાઓનો ઉપયોગ કરી દારૂની હેરાફેરી કરતાં રહે છે. વધુ એક આવી હેરાફેરી ઉઘાડી પાડી પોલીસે સાડાપાંચ લાખનો દારૂ પકડી લીધો હતો. રાજકોટના એક બૂટલેગરે મહારાષ્ટ્રથી દારૂનો જથ્થો મંગાવ્યો હતો. જો કે પીસીબીની ટીમે કોઠારીયા નજીક આ દારૂ ભરેલી બોલેરો પીકઅપ સાથે બે રાજસ્થાનીને પકડી લીધા હતાં. આ પીકઅપમાં દુધી અને કોબીજના જથ્થાની પાછળ દારૂનો જથ્થો છુપાવાયો હતો!

વિગતો પર નજર કરીએ તો વિદેશી દારૂની હેરાફેરી કરવા બૂટલેગરો નીતનવા નુસ્ખા અજમાવતાં રહે છે. વધુ એક વખત આવી તરકીબનો પર્દાફાશ થયો છે. રાજસ્થાનથી બે શખ્સો બોલેરો પીકઅપમાં કોબીજ-દુધીના જથ્થાની આડમાં રૂા. ૫,૪૭,૦૦૮નો વિદેશી દારૂનો જથ્થો ભરી રાજકોટના પરસાણાનગરના શખ્સને આપવા આવતાં હોઇ બંનેને પીસીબીની ટીમે કોઠારીયા ગામથી લાપાસરીના રસ્તે પકડી લઇ દારૂ, વાહન, મોબાઇલ ફોન મળી કુલ રૂા. ૧૦,૫૨,૦૦૮નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. દારૂ જૂગારની પ્રવૃતિને ડામવા પીસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, કોન્સ.






વિશાલભાઇ દવેને બાતમી મળી હતી.

આ માહિતી એવી હતી કે કોઠારીયાથી લાપાસરીના રસ્તે એક શંકાસ્પદ બોલેરો દારૂ ભરીને નીકળવાની છે. આ બાતમી પરથી લાપાસરીના રસ્તે ગાત્રાળ પાન પાસે વોચ રાખતાં એમએચ૧૮બીઝેડ-૩૫૭૦ નંબરની બોલેરો પીકઅપ ગાડી આવી હતી. જેને અટકાવી દેવામાં આવી હતી. પોલીસે ડ્રાઇવીંગ સીટ પરે બેઠેલા શખ્સની પુછતાછ કરતાં પોતાનું નામ અમરસિંગ કિશનસિંગ દસાણા (રહે. નયાઘર બાનોકરા, તા. કુંભલગઢ, જી. રાજસમદ રાજસ્થાન) અને સાથે બેઠેલા શખ્સે પોતાનું નામ કપીલ પ્રકાશદાસ વૈષ્ણવ (રહે. સુખાનામ દેબારી, અદકીયા કા વાડા, જી. ઉદયપુર રાજસ્થાન) જણાવ્યું હતું. પોલીસે વાહનના ઠાઠામાં શું ભર્યુ છે? પુછતાં બંનેએ શાકભાજી હોવાનું કહ્યું હતું.

પોલીસે પાછળ તપાસ કરતાં લીલા રંગની કારપેટ પાથરેલી જોવા મળી હતી. જે હટાવતાં પાછળ દુધી, કોબીજ ભરેલા દેખાયા હતાં. પણ દારૂની બાતમી હોઇ આ શાકભાજી હટાવીને જોતાં પાછળથી પુઠાના ૭૭ બોક્સ મળ્યા હતાં. આ બોક્સ ખોલીને જોતાં અંદરથી પોલાન્ડ પ્રાઇડ કલેકશન રીઝર્વ પ્રિમીયમ વ્હીસ્કીના ૧૮૦ એમએલના ૩૬૯૬ ચપલા રૂા. ૫,૪૭,૦૦૮ના મળી આવતાં તે તથા બોલેરો, મોબાઇલ સહિતનો મુદ્દામાલ કબ્જે કરી બંનેની ધરપકડ કરી હતી. પુછતાછ થતાં બંનેએ આ દારૂનો જથ્થો મહારાષ્ટ્રથી ભર્યો હોવાનું અને રાજકોટ જામનગર રોડ પરના પરસાણાનગરના બૂટલેગર આરીફ સલીમભાઇ જુણેજાએ મંગાવ્યો હોવાનું કબુલતાં પોલીસે આરીફની શોધખોળ હાથ ધરી હતી. પોલીસ સુત્રોના કહેવા અનુસાર અગાઉ પણ પીસીબીએ આરીફને દારૂના જથ્થા સાથે પકડ્યો હતો. આ વખતે તેણે મહારાષ્ટ્રથી દારૂનો જથ્થો બકાલા-શાકભાજીની આડમાં ભરાવ્યો હતો. આ માલ રાજકોટની ભાગોળે કોઠારીયા સુધી તો પહોંચી ગયો હતો. પરંતુ આરીફ સુધી પહોંચે એ પહેલા પીસીબીની ટીમે જપ્ત કરીલીધો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની સુચનાથી ઇન્સપેક્ટર એમ. આર. ગોંડલીયાના માર્ગદર્શનમાં પીએસઆઇ પી. બી. ત્રાજીયા, પીએસઆઇ આર. કે. જાડેજાએ કરી હતી.

સાથે એએસઆઇ મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, અનિલભાઇ સોનારા, હેડકોન્સ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, સંજયભાઇ રૂપાપરા, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે અને હરપાલસિંહ જાડેજાએ આ કામગીરી કરી હતી. આરીફ ઝડપાયા બાદ વધુ વિગતો બહાર આવશે.

### નશાખોરોને દબોચી લેવા નિયમીત પોલીસ ડ્રાઇવ યોજે છેઃ આમ છતાં દારૂડીયા બેફામ

# દારૂડીયા કારચાલકે બે પોલીસમેનને ઉલાળ્યા

### જંકશન પ્લોટ રોડ પર રાત્રી પેટ્રોલીંગમાં નીકળેલા પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનના બે પોલીસમેનને ઇજાઃ બાઇક બસ્સો મીટર સુધી ઢસડાયુંઃ મુળ દહેરાદૂનના શખ્સનો પોલીસે નશો ઉતારી નાંખ્યો

રાજકોટ તા. ૨૨

શહેરમાં દર અઠવાડીયામાં બે વખત શહેરભરની પોલીસ દ્વારા દારૂડીયાઓ, દારૂની હેરાફેરી કરનારાઓ, છરી રાખીને નીકળનારાઓને પકડવા માટે ડ્રાઇવ યોજવામાં આવે છે અને કાર્યવાહી કરવામાં આવે છે. દારૂ પી વાહન હંકારનારા પોતે તો જોખમમાં મુકાય છે બીજા રાહદારીઓ, વાહનચાલકોને પણ જોખમમાં મુકી દેતાં હોય છે. આવો જ અનુભવ હવે ખુદ પોલીસને થયો હતો. જેમાં રાજકોટના જંકશન પ્લોટ મેઇન રોડ પર રાતે બાઇક પર નાઇટ પેટ્રોલીંગમાં નીકળેલા બે પોલીસ કર્મચારીને એક દારૂડીયા ચાલકે સ્કોડા કારની ઠોકરે બાઇક સહિત ચડાવી દઇ ઇજાઓ પહોંચાડી હતી. નશાની હાલતમાં આ શખ્સ ચિક્કાર દારૂ ઢીંચીને નીકળ્યો હતો. મુળ ઉત્તરાખંડ દહેરાદૂનના આ શખ્સ સામે ગુનો દાખલ કરી પોલીસે નશો ઉતાર્યો હતો. સદ્દનસિબે બંને પોલીસમેનનો નજીવી ઇજાઓ સાથે બચાવ થયો હતો.

વિગતો પર નજર કરીએ તો રંગીલા મોજીલા રાજકોટ શહેરમાં વારંવાર દારૂડીયા વાહનચાલકો અકસ્માત સર્જતા રહે છે અને બીજા લોકોને ઇજાઓ પહોંચાડતા રહે છે. ઘણીવાર પોતે જ ઘાયલ થઇ જાય છે. આ વચ્ચે વધુ એક ઘટના બની હતી. જેમાં નશાખોર બેફામ સ્પીડથી સ્કોડા કાર હંકારીને નીકળ્યો હતો અને પેટ્રોલીંગમાં નીકળેલા બે પોલીસ કર્મચારીને જ ઉલાળી દીધા હતાં અને તેમનું બાઇક બસ્સો મીટર સુધી ઢસડ્યું હતું. આ બનાવમાં બંને પોલીસ કર્મચારીઓને ઇજાઓ પહોંચી હતી અને તેમના બાઇકમાં પણ નુકસાની થઇ હતી.

વધુ માહિતી અનુસાર શહેરમાં અવાર-નવાર કેટલાક વાહન ચાલકો દારૂ ઢીંચી બેફામ બની જતાં હોય છે. દરમિયાન ગત રાતે જંકશન પ્લોટ મેઇન રોડ પર જંકશન પોલીસ ચોકી નજીક દારૂ પી બંબાટ કાર લઇને નીકળેલા મુળ ઉત્તરાખંડના અને હાલ પડધરી પંથકમાં રહેતાં શખ્સે પેટ્રોલીંગમાં નીકળેલા પ્રયુમન નગર પોલીસ સ્ટેશનના હેડકોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલને બાઇક સહિત ઠોકરે ચડાવી ઇજા પહોંચાડતાં ચકચાર મચી ગઇ છે. અકસ્માત બાદ કારચાલકે બાઇકને આશરે ૨૦૦ મીટર સુધી ઢસડતાં નુકસાની પણ થઇ હતી. પોલીસે ગુનો



નોંધી તેનો નશો ઉતારી નાંખ્યો હતો. આ બનાવમાં પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં કોન્સ. વનરાજભાઇ ભાભલુભાઇ બોરીચાની ફરિયાદ પરથી પડધરીના ડાંગરા ગામે રહેતાં મુળ દહેરાદુન અજાબપુર ખુર્દ સરસ્વતિ વિહાર ઉત્તરાખંડના વતની નીપુણકુમાર મદનસિંગ વિરૂધ્ધ ગુનો નોંધી સકંજામાં લીધો હતો.

પોલીસ સુત્રોના કહેવા મુજબ આ શખ્સ પડધરી પંથકમાં રહી સોલારનું કામ કરે છે. રાજકોટ કામ માટે આવ્યા બાદ કોઇ જગ્યાએ દારૂ પી બેફામ સ્પીડથી નીકળ્યો હતો અને અકસ્માત સર્જયો હતો. ઘટનાની વ્ગિતો જણાવતાં પોલીસ કોન્સ. વનરાજભાઇ બોરીચાએ જણાવ્યું હતું કે રાતે દસેક વાગ્યે હું અને કોન્સ. રીયાઝભાઇ ભીપોત્રા બંને અમારા હોન્ડા બાઇક જીજે૦૩કેઇ-૭૨૯૩ લઇને પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળ્યા હતાં. હું બાઇક ચલાવી રહ્યો હતો અને પાછળ રીયાઝભાઇ બેઠા હતાં. અમે ફરતાં ફરતાં સવા દસેક વાગ્યે જંકશન પ્લોટ મેઇન રોડ પર જંકશન ચોકી પાસે પહોંચ્યા હતાં.

આ વખતે એક કારચાલક બંબાટ સ્પીડથી કાર લઇને માણસોની જિંદગી જોખમાય એ રીતે નીકળ્યો હતો અને અમારા બાઇકને ઠોકરે ચડાવી અમને પછાડી દીધા હતાં. આશરે બસ્સો મીટર સુધી જંકશન મેઇન રોડ પર અમારા બાઇકને ઢસડતાં અમને બંનેને સામાન્ય મુંઢ ઇજાઓ થઇ હતી. તેમજ કારની ઠોકરે બાઇક આવી ગયું હોઇ તેમાં નુકસાની થઇ હતી. આ વખતે આસપાસના લોકો ભેગા થઇ ગયા હતાં. કાર આગળ ઉભી રહી ગઇ હોઇ હું અને રીયાઝભાઇ ત્યાં ગયા હતાં અને કારચાલકને બહાર નીકશળવાનું કહેતાં તે બહાર આવ્યો હતો. પુછતાછમાં તેણે પોતાનું નામ નીપુણકુમાર મદનસિંગ રાજપૂત (હોવાનું કહ્યું હતું.

વધુ માહિતી અનુસાર પાંત્રીસ વર્ષનો આ શખ્સ પ્રાઇવેટ નોકરી કરતો હોવાનું અને મુળ ઉત્તરાખંડ દહેરાદુનનો વતની હોવાનું તથા હાલ પડધરીના ડાંગરા ગામે રહેતો હોવાનું તેમજ સોલારને લગતું કામ કરતો હોવાનું તેણે કહ્યું હતું. તેના મોઢામાંથી કેફી પ્રવાહી પીધુ હોઇ તેવી દુર્ગંધ આવતી હતી. પુછતાછ કરતાં દારૂ પીધાનું કહ્યું હતું. આથી તેની સામે દારૂ પી સ્કોડા કાર જીજે૦૧આરવી-૧૪૦૧ પુરઝડપે લોકોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી મને તથા સાથેના કોન્સ. રીયાઝભાઇને બાઇક સહિત ઠોકરે લઇ ઇજા પહોંચાડવાનો અને વાહનમાં નુકસાન પહોંચાડવાનો ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

તેમ વધુમાં કોન્સ. વનરાજભાઇએ જણાવતાં પ્ર.નગરના ઇન્સપેકટર એમ. ડી. મકવાણાના માર્ગદર્શનમાં હેડકોન્સ. લાભુભાઇ એ. જતાપરાએ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. નશાખોર કારચાલકને પોલીસે કાયદાનું ભાન કરાવ્યું હતું. શહેરમાં વારંવાર લગભગ દર અઠવાડીએ દારૂ પી વાહન હંકારનારાઓ, છરીઓ સાથે નીકળનારાઓ અને દારૂ સાથે નીકળનારાઓને પકડવા માટે ખાસ ડ્રાઇવ યોજાય છે અને આવા જથ્થાબંધ કેસ નોંધવામાં આવે છે. જો કે આ વખતે નશાખોર કારચાલકની ઠોકરે ખુદ બે પોલીસ કર્મચારી આવી ગયા હતાં. સદ્દનસિબે તેમનો ઇજાઓ સાથે બચાવ થયો હતો.

### વિશ્વાસુ કર્મચારીઓ જ હાથફેરો કરી ભાગી ગયાની વધુ બે ઘટના આવી સામે

# નોકરીના ચોથા જ દિવસે ૨૦ લાખનું સોનુ લઇ છૂ

## શેઠે વિશ્વાસ રાખી કામે રાખ્યો એ ગઠીયો નીકળ્યોઃ બીજી ઘટનામાં કંપનીને સાડત્રીસ લાખનો ધૂબો મારી કર્મચારી થઇ ગયો ગાયબ

રાજકોટ, તા.,૨૨

વિશ્વાસુ કર્મચારીઓ ઠગાઇ કરી જતાં હોવાના કિસ્સા અવાર-નવાર બને છે. વધુ આવા બે બનાવ સામે આવ્યા હતાં. જેમાં એક બનાવમાં નોકરીમાં જોડાયાના ચોથા જ દિવસે કર્મચીર શેઠનું વીસ લાખનું સોનુ ઉસેડી છુમંતર થઇ ગયો હતો. બીજી તરફ એક કંપની સાથે તેના જ કર્મચારીએ સાડત્રીસ લાખ સોળ હજારની ઠગાઇ કરી હતી.

પ્રથમ કિસ્સો જોઇએ તો અમદાવાદ માધુપુરા માર્કેટમાં સોના ચાંદીનું કામ કરતા એક વેપારીએ કારીગરને સોનામાંથી દાગીના બનાવવા આપ્યા હતા. વેપારીએ બારમી સપ્ટેમ્બરે જ કારીગરોને કામ પર રાખ્યા હતા અને સોળમી સપ્ટેમ્બરે તો બંને કારીગર દુકાનનું વીસ લાખનું સોનુ લઈને ફરાર થઈ ગયા હતા. જેમાંથી એક કારીગર સોનુ લઈને જતો પણ સીસીટીવીમાં દેખાય છે. જે અંગે વેપારીએ માધવપુરા પોલીસ સ્ટેશનમાં કારીગર વિરુદ્ધ ફરિયાદ દાખલ થઇ હતી. શાહીબાગમાં રહેતા વિવેક નાગોરીએ ફરિયાદ નોંધાવી છે કે તેમના એક કારીગર મારફતે મૂળ પશ્ચિમ બંગાળના કારીગર સાબિરઅલી શેખ અને આરફીનલી શેખને કામ પર રાખ્યા હતા.બંને કારીગર માધુપુરા માર્કેટમાં આવેલી વિવેકભાઈની દુકાને કામ કરતા અને રાતે એક દુકાનના બીજા માળે રોકાતા હતા.

બાદ ચોથા જ દિવસે વિવેકભાઈએ બંને કારીગરોને ૨૭૦ ગ્રામ કાચું સોનું જોબવર્ક માટે આપ્યું હતું. રાત્રે ૯ વાગ્યા આસપાસ બંને કારીગરોએ વિવેકભાઇને અડધો દાગીનો ઘડ્યા વગર એક ડબ્બામાં મૂકીને પરત આપ્યો હતો.બંને કારીગરો વિવેકભાઈ સાથે વાતચીત કરવા લાગ્યા હતા, જેથી કેટલું છે સોનુ તે સરખું વિવેકભાઈ તપાસી શક્યા નહોતા.સોનુ લોકરમાં મૂકી વિવેકભાઈ નીકળી ગયા હતા અને બીજા દિવસે સવારે જ્યારે તેઓ દુકાને આવ્યા ત્યારે બંને કારીગર કામ પર આવ્યા ન હતા. વિવેકભાઈએ દુકાને જઈને તપાસ કરતા એક કારીગર આરફિન દુકાન પર મળી આવ્યો




હતો.આરફીન પણ નાહવા જવાનું કહીને ત્યાંથી નીકળી ગયો હતો.થોડીવાર સુધી પરત ના આવતા વિવેકભાઈએ આરફીનને ફોન કરતા તેનો ફોન પણ સ્વીચ ઓફ આવતો હતો.

વિવેકભાઈએ લોકરમાં તપાસ કરી તો ૧૫૦ ગ્રામ જેટલું સોનું જેની કિંમત ૨૦ લાખ રૂપિયા હતી તે ઓછું હતું અને બંને કારીગરનો ફોન પણ બંધ આવતા હતા. ત્યાર બાદ સીસીટીવી તપાસ્યા તો સીસીટીવીમાં તેમનો કારીગર સાબીરઅલી સોનાની ચોરી કરતા દેખાતો હતો જેથી વિવેકભાઈએ આ અંગે માધવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

બીજી ઠગાઇ જોઇએ તો વડોદરામાં કંપનીના કર્મચારી અને અન્ય કંપનીના માલિકે મળી ૩૭.૧૬ લાખની છેતરપિંડી આચરી છે. અકોટા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, લવકુશ બંગ્લોઝના મનન દાવડાની શુકાન એન્જિનિયર કંપનીના કર્મચારી પ્રશાંત જાંબનીએ રોટોર્ક વાલ્વ ઓટોમેશનના પ્રવીણકુમાર સાથે મળીને ૨૪.૩૮ લાખનો માલ ન મોકલી કુલ ૩૭.૧૬ લાખની છેતરપિંડી કરી. પ્રશાંત નોકરી છોડી ફરાર છે. પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. વાસણારોડ લવકુશ બંગ્લોઝમાં રહેતા મનનભાઇ કશ્યપભાઇ દાવડા તથા અન્ય ત્રણ લોકો શુકાન એન્જિનિયર પ્રા.લિ. કંપનીમાં ડાયરેક્ટર છે. અકોટા પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે આરોપી પ્રશાંત જનાદર્નભાઇ જામનીએ મારો સંપર્ક કરી કહ્યું હતું કે,અમારી કંપની એપકો ફડચામાં ગઇ છે. તમે મને નોકરી પર રાખી રૂપિયા આપો અથવા અમારી કંપની ખરીદ કરી લો.

તેના પર વિશ્વાસ રાખી તેને માસિક પચાસ હજારના પગાર પર અમારી કંપનીમાં રાખ્યો હતો. શરૂઆતમાં તેણે સારા એવા ઓર્ડર અપાવી નફો કરી આપ્યો હતો. તેણે મારી પાસે લોનની માગણી કરતા મેં કુલ ૧૨.૭૮ લાખ આપ્યા હતા. પ્રશાંતના કહેવાથી તેના ઓળખીતા રોટોર્ક વાલ્વ ઓટોમેશ કંપનીના માલિક પ્રવિણકુમારની વાત કરી જણાવ્યું હતું કે, આ કંપની પાસેથી વાલ્વ ખરીદશો તો મોટો નફો થશે. તેની વાતોમાં આવીને મેં ઓર્ડર આપવાનું શરૂ કર્યું હતું. મેં ચૂકવેલા ૩૫.૮૦ લાખ પૈકી ૨૪.૩૮ લાખ રૂપિયાનો માલ તેમણે મને મોકલ્યો નહતો. દરમિયાન પ્રશાંત પણ કોઇને જાણ કર્યા વગર નોકરી છોડીને જતો રહ્યો હતો.

# કારનો સોદો કરી રૂપિયા લઇ લીધા, પછી કાર પણ લઇ ગયો

## સત્યસાઇ રોડ પર રહેતાં ફોટોગ્રાફર સાથે ફ્રોડ થઇ જતાં તાલુકા પોલીસમાં મિત્ર વિરૂદ્ધ દાખલ કરાવી એફઆઇઆર



રાજકોટ તા. ૨૨

દોસ્તીમાં દગાખોરીના કિસ્સા અવાર-નવાર સામે આવતા રહે છે. વધુ એક વખત મિત્ર જ મિત્રને છેતરી જતાં વાત પોલીસ સુધી પહોંચી હતી. શહેરના સત્યસાઇ રોડ વિસ્તારમાં રહેતા અને ફોટોગ્રાફીનો વ્યવસાય કરતા યુવક સાથે સેકન્ડ હેન્ડ કાર ખરીદીના નામે તેના જ મિત્રએ રૂપિયા ૩.૨૮ લાખની ઠગાઇ કરતાં આ કિસ્સામાં સત્ય સાઇ રોડ પર ફુલવાડી પાર્ક સોસાયટીમાં રહેતાં અને ફોટોગ્રાફીનું કામ કરતાં નીલ સુરેશભાઇ રાબડીયા નામના એકવીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી તાલુકા પોલીસે તેના જ મિત્ર આદેશ લક્ષ્મણભાઇ બુસા વિરૂધ્ધ ઠગાઇનો ગુનો દાખલ કર્યો હતો.

વિગતો જોઇએ તો નીલ રાબડીયા પરિવાર સાથે રહે છે. તેણે નોંધાવેલી ફરિયાદ મુજબ તેણે પોતાના મિત્ર આદેશ ભુસા પાસેથી સ્કોડા સ્લાવિયા કાર રૂા.૮,૮૦,૦૦૦માં ખરીદવાનું નક્કી કર્યું હતું. તેમજ જો કાર ન ફાવે તો ફર્સ્ટ ઓનરમાંથી જ વેંચે દેશે તેવુ આદેશએ કહ્યું હતું અને કારનો સોદો નક્કી થયા બાદ નીલએ કાર પોતાના નામે જ રાખી હતી. આ પછી નીલે પોતાના પિતા અને મિત્રના ગૂગલ પે મારફતે રૂા. ૨,૮૦,૦૦૦ ડાઉનપેમેન્ટ પેટે આદેશને ચુકવી આપ્યા હતા. આ ઉપરાંત કારમાં સાઉન્ડ સિસ્ટમ ફિટ કરાવવાના ૧૧,૦૦૦ તેમજ લોનના બે હપ્તા ૨૦,૪૦૦ અને ૧૬,૮૦૦ મળી કુલ ૩,૨૮,૨૦૦ની ચુકવણી કરી હતી. કારની બાકીની રકમ આદેશના નામે ચાલતી લોન મારફતે ભરપાઈ કરવાનું નક્કી થયું હતું અને આ અંગે વકીલ પાસે નોટરી લખાણ પણ કરવામાં આવ્યું હતું.

નોટરી લખાણ બાદ આદેશએ કારનો કબ્જો મિત્ર નિલને સોંપ્યો હતો. પણ થોડા દિવસો બાદ આદેશ મિત્ર નીલના ઘરે આવ્યા હતા અને પોતાની પાસે રહેલી કારની બીજી ચાવી લગાવીને કાર લઈ ગયો હતો. નીલએ તેમને સમજાવવાનો પ્રયાસ કરવા છતાં તે માન્યો નહોતો. બાદમાં રૂબરૂ મુલાકાત દરમિયાન નીલએ કાર પોતાના નામે કરી આપવા અથવા તો પોતે ચુકવેલા ડાઉનપેમેન્ટ, સાઉન્ડ સિસ્ટમ અને લોનના હપ્તાના મળી કુલ રૂા. ૩,૨૮,૨૦૦ પરત આપી કાર પાછી લઈ લેવા જણાવ્યું હતું. પરંતુ આદેશએ કાર કે એક પણ રૂપિયો પરત નહીં મળે તેમ કહી સ્પષ્ટ ના પાડી દીધી હતી. પોતાની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી થઈ હોવાનું જણાતા નીલએ તાલુકા પોલીસમાં જાણ કરતાં ઇન્સપેકટર એસ. આર. મેઘાણીના માર્ગદર્શનમાં હેડકોન્સ. એમ. બી. ઠાકરે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

### જિંદગી ક્યારે અને કેવી રીતે ખતમ થઇ જાય તેની ખબર નથી હોતી કાળા માથાના માનવીને

# કડીયા કામ કરતી વખતે પટકાતાં મજૂરનો જીવ ગયો

## એક ખેડુત પ્રૌઢનું બનેવીના કારખાને બેઠા બેઠા હૃદય બેસી જવાથી મૃત્યુ
## મહિલાનું બેભાન થઇ જતાં મૃત્યુ થતાં ત્રણ સંતાન થઇ ગયા માતા વિહાણા

રાજકોટ તા. ૨૨

જન્મ લેનારના મૃત્યુ નિશ્ચીત હોય છે. પરંતુ ક્યારે અને કેવી રીતે મૃત્યુ આવે તેની કોઇને ખબર હોતી નથી. વધુ ત્રણ ઘટનામાં ત્રણ લોકોના અપમૃત્યુ થયા હતાં. જેમાં એક કિસ્સામાં રેલ્વે સ્ટેશને કડીયા કામ કરતી વખતે પડી જતાં એક પ્રૌઢનું મૃત્યુ થયું હતું. બીજી ઘટનામાં બનેવીના કારખાને આટો મારવા ગયેલા પ્રૌઢના દિલની ધડકન એકાએક બંધ થઇ જતાં પ્રાણ નીકળી ગયા હતાં. ત્રીજા બનાવમાં એક મહિલાનું બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું.



પ્રથમ ઘટના પર નરજ કરીએ તો ધ્રાંગધ્રાના ગાજણવાવ ગામે રહેતાં પ્રૌઢ મોરબીના રફાળીયા ગામે રેલ્વે સ્ટેશન ખાતે કડીયા કામ કરતાં હતાં ત્યારે પડી જતાં ઇજા થતાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. વધુ માહિતી અનુસાર ગાજણવાવ ગામે રહેતાં આનંદભાઇ કેશાભાઇ પરમાર નામના પચાસ વર્ષના પ્રૌઢ એકાદ મહિના પહેલા રફાળીયા ખાતે રેલ્વે સ્ટેશનમાં કડીયા કામ કરતાં હતાં ત્યારે અકસ્માતે પડી જતાં ઇજા થતાં મોરબી, ધ્રાંગધ્રા સારવાર અપાવી વધુ સારવાર માટે સુરેન્દ્રનગર હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ ગત સાંજે તેમનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે રેલ્વે પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. બનાવથી પરિવારજનોમાં શોક છવાઇ ગયો હતો.

બીજા બનાવ પર નજર કરીએ તો શહેરના કુવાડવા રોડ પર ગુરૂદેવ પાર્કમાં રહેતાં પ્રૌઢ બેડી ગામે પોતાના બનેવીના કારખાને બેઠા હતાં ત્યારે એકાએક ઢળી પડતાં બેભાન થઇ જતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. હૃદય રોગનો હુમલો આવી ગયાનું ખુલ્યું હતું.ગુરૂદેવ પાર્ક શેરી નં. ૪માં રહેતાં સતાવન વર્ષના કશોરભાઇ દેવાભાઇ સિંધવ રાજકોટથી આણંદપર બાઘી ગામે પોતાની વાડીએ આટો મારવા ગયા હતાં.

ત્યાંથી પરત વળતાંરસ્તામાં બેડી ગામે આવેલા તેમના બનેવી દિનેશભાઇના કારખાને બેસવા ગયા હતાં. અહિ તેઓ એકાએક બેભાન થઇ જતાં તુરત જ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવારમાં દમ તોડી દેતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં કુવાડવા રોડ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર કિશોરભાઇ ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. તેઓ ચાર ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં બે દિકરા છે. મોભીના મૃત્યુથી સિંધવ પરિવારમાં શોક છવાઇ ગયો છે.

ત્રીજી કરૂણ ઘટના જોઇએ તો શાપરમાં રહેતાં ઉષાબેન કિશોરભાઇ રાઠોડ નામના તેતાલીસ વર્ષના આધેડ વયના નામના મહિલા રાતે બેભાન થઇ જતાં શાપર સારવાર અપાવી રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સવારે મૃત્યુ થયું હતું. આ બનાવથી ત્રણ સંતાન મા વિહોણા થઇ ગયા હતાં.

વિશેષ માહિતી અનુસાર શાપરમાં ગોલ્ડન રોડ પર રહેતાં ઉષાબેનને તબીયત બગડતાં બેભાન જેવા થઇ જતાં શાપર હોસ્પિટલમાં ખસેડાયા હતાં. ત્યાંથી રાજકોટ રીફર કરાયા હતાં. અહિ મૃત્યુથ તાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનારને સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. પતિ કારખાનામાં મજુરી કરે છે. આ પરિવાર મુળ વિસાવદરના તરસાઇ ગામનો વતની છે. ઉષાબેનને બે ત્રણ દિવસથી પેટમાં દુઃખાવા સહિતની તકલીફ થતી હતી. પોલીસે મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી જરૂરી કાર્યવાહી કરી હતી. આમ ત્રણ ઘટનામાં ત્રણ લોકોની જિંદગી ઓચીંતી ખતમ થઇ જતાં તેમના પરિવારજનોમાં આઘાત વ્યાપી ગયો હતો.

### નિવૃત LIC અધિકારીનો વ્હોટ્સએપથી સંપર્ક કરી શરૂઆતમાં ટીપ્સ આપી પછી જાળ બીછાવી

# શેર બજારમાં કમાણીની લાલચે ગુમાવ્યા અડધો કરોડ

## ઓનલાઇન સંપર્ક કરનારા ત્રણ ગઠીયાઓએ રોકાણમાં ખોટ ગઇ છે કહી વધુ નાણા માંગ્યા ત્યારે છેતરાયાની ખબર પડી : બીજા કિસ્સામાં ગેરેજ સંચાલકને ઇ-ચલણની એપીકે ફાઇલ મોકલી પોણા બે લાખ ઉસેડી લેવાયા

રાજકોટ તા. ૨૨

શેરબજારમાં રોકાણના નામે ઠગાઇ દરરોજ થતી રહે છે. આ પ્રકારની ઠગાઇના કિસ્સા એક ભુલો ત્યાં બીજા ચાર હાજર હોય છે. આવી જ એક મોટી ઠગાઇથઇ ગઇહ તી. જેમાં એક વૃધ્ધ કે જેઓ એલઆઇસીના વિનૃત અધિકારી છે તેમને રોકાણ પર નફાની લાલચ આપી અડધો કરોડથી વધુની રકમ પડાવી લેવાઇ હતી. પહેલા તેમને વ્હોટ્સએપ મારફત સંપર્કમાં લઇ તેમનો વિશ્વાસ જીતી લાલચ અપાઇ હતી. આ પછી રોકાણ કરવા લલચાવી મોટી રકમ ગઠીયાઓએ ઉસેડી લીધી હતી.

વિગતો પર નજર કરીએ તો આ બનાવ વડોદરાના સુભાનપુરા વિસ્તારમાં રહેતા અને એલઆઈસીમાંથી આસિસ્ટન્ટ ડિવિઝનલ મેનેજર તરીકે નિવૃત્ત થયેલા સડસઠ વર્ષીય સિનીયર સિટીઝન સાથે બન્યો છે. શેરબજારમાં મોટો નફો કરાવવાની લાલચ આપી રૂ.૫૨.૨૬ લાખની ઓનલાઈન છેતરપિંડી થયાની ફરિયાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવાઇ હતી. વોટ્સએપ મારફતે સંપર્ક કરનાર રવિ, દીપકભાઈ અને સાહીલભાઈ નામના ત્રણ શખ્સોએ એકબીજાની મદદથી શેરબજારની ટિપ્સ આપી શરૂઆતમાં વિશ્વાસ કેળવ્યો હતો. રવિ નામના વ્યક્તિએ સુભાનપુરા રહેતા એલઆઇસીના નિવૃત્ત મેનેજર મહેન્દ્રકુમાર મારુનો વોટ્સએપ પર સંપર્ક કરી શેરબજાર અંગેની ટિપ્સ આપવાનું શરૂ કર્યું હતું.

બાદમાં શેર અને ઓપ્શન ટ્રેડિંગ અંગે સૂચનાઓ આપી નફાની લાલચ આપવામાં આવી હતી. ત્યારબાદ રવિએ દીપકભાઈ નામના વ્યક્તિનો મોબાઇલ નંબર આપી તેને ટેકિન્કલ હેડ તરીકે ઓળખાવ્યો હતો. દીપકભાઈએ પણ વિવિધ શેરમાં રોકાણ અંગેની ટિપ્સ આપી વધુ રોકાણ કરવા પ્રેરિત કર્યા હતા. આ દરમિયાન સાહીલભાઈ નામના વ્યક્તિએ ખ્દ્દ વ્ય્ઝ્ર્ચ્ના નામે નવું ડીમેટ એકાઉન્ટ ખોલાવી આપવાની વાત કરી હતી. આધારકાર્ડ અને પાનકાર્ડ સહિતના દસ્તાવેજો મોકલ્યા બાદ એકાઉન્ટ ખોલવામાં આવ્યું હતું. ત્યારબાદ અલગ-અલગ બેંક ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરવા જણાવાયું હતું. આ



પછી અલગ અલગ૨૦ ટ્રાન્ઝેક્શન મારફતે રૂપિયા ૫૨.૨૬ લાખ ટ્રાન્સફર કરાયા હતા. આ ઉપરાંત પત્નિના પ્રાઈમ કો-ઓપરેટિવ બેંક ખાતામાંથી પણ ૯૭ હજારના વ્યવહારો કર્યાં હતા.

આ રીતે પૈસાનુ.રોકાણ કર્યા બાદ રોકાણમાં નુકસાન થયું હોવાનું કહી વધુ રૂપિયા નાખવાથી અગાઉના નાણાં રિકવર થઈ જશે તેવી વાત કરવામાં આવી હતી. શંકા જતા નિવૃત્ત અધિકારીએ પુત્રને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. ત્યારબાદ સાયબર ક્રાઈમ હેલ્પલાઇન ૧૯૩૦ પર સંપર્ક કરી ફરિયાદ કરવામાં આવી હતી. આમ ગઠીયાઓએ વૃધ્ધને આબાદ રીતે ઓનલાઇન શેર બજારમાં કમાણીની લાલચ આપી છેતરી લીધા હતાં. આવી ઠગાઇ રોજબરોજ બનતી રહે છે. જેથી અજાણ્યાઓ પર આંધળો વિશ્વાસ મુકી આ રીતે રોકાણ કરવાથી દુર રહેવું ખુબ જ હિતાવહ છે.

બીજી એક ઠગાઇ જોઇએ તો ભુજના મિરજાપરના સહજાનંદ નગરમાં રહેતા અને ગેરેજ ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા સુનિલ હીરાલાલ ઉમરાણીયા સાયબર ગઠિયાઓની મોડસ ઓપરેન્ડીનો ભોગ બન્યા છે. સાયબર ઠગે આરટીઓના નામે બોગસ ઈ-ચલણની ખ્ભ્ક ફાઈલ મોકલી ફરિયાદીના ક્રેડિટ કાર્ડમાંથી ૧.૬૭ લાખ ઉપાડી લઈ છેતરપિંડી આચરી હતી. ફરિયાદીના વોટ્સએપ નંબર પર એક અજાણ્યા મોબાઈલ નંબર પરથી મેસેજ આવ્યો હતો. જે વોટ્સએપ એકાઉન્ટના નામમાં 'આરટીઓ' લખેલું હતું અને તેમાં એક ફાઈલ મોકલવામાં આવી હતી. જેથી તેમણે વિશ્વાસ રાખીને તે ફાઈલ ડાઉનલોડ કરી ઓપન કરી હતી.

આ પછી ફાઈલ ઓપન કર્યાના થોડા જ સમયમાં બપોરે બાર વાગ્યાના સુમારે, ફરિયાદી દ્વારા કોઈ પણ ઓટીપી કે પિન શેર કરવામાં આવ્યો ન હોવા છતાં, તેમના બેંક ઓફ બરોડાના ક્રેડિટ કાર્ડમાંથી રૂપિયા ૧,૬૭,૩૬૯.૫૦ ની રકમ તેમની મંજુરી વગર ઉપડી ગઈ હતી. પોતાની સાથે સાયબર ફ્રોડ થયો હોવાનું માલૂમ પડતાં ફરિયાદીએ તાત્કાલિક સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર કોલ કરી ઈ-ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ ભુજ શહેર એ- ડિવિઝન પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. અજાણ્યા વોટ્સએપ કે એસએમએસ મારફતે આવતી કોઈ પણ એપીકે ફાઈલ જેમ ક આરટીઓ ચલણ, પીએમ યોજના, કે વાહન દંડ ક્યારેય ડાઉનલોડ કે ઓપન ન કરવી. આવી ફાઈલો મોબાઈલમાં માલવેર ઈન્સ્ટોલ કરી તમારા ફોનનો સંપૂર્ણ કંટ્રોલ સાયબર ઠગોના હાથમાં આપી દે છે.અને ઠગાઈનો ભોગ બનાવનો વારો આવે છે.

## કેન્દ્ર સરકારે ૨૩ મે ૨૦૨૬થી CRS પોર્ટલમાં મલ્ટીપલ લોગ-ઈનની સુવિધા બંધ કરી

# ચાર લાખ મરણ નોંધ અદ્ધરતાલ

### એક જ લોગ-ઈનથી નાગરિકોની હાલાકીમાં વધારો : જન્મ-મરણ નોંધણી મુદ્દે ઘમાસાણ

રાજકોટ, તા. ૨૨

રાજકોટ મહાનગરપાલિકાની શનિવારે મળેલી જનરલ બોર્ડની બેઠકમાં સામાન્ય નાગરિકોને સીધી અસર કરતા જન્મ અને મરણ નોંધણી તથા દાખલા મેળવવામાં પડતી ભારે મુશ્કેલીઓનો મુદ્દો ટોપ ઓફ ધ ટાઉન બની રહ્યો હતો. અન્ય શહેરોની જેમ રાજકોટમાં પણ કેન્દ્ર સરકારના સીઆરએસ (CRS) પોર્ટલ પર ડેટા માઈગ્રેશન આવ્યા બાદ લાખો નોંધણીઓ પેન્ડિંગ બોલે છે. મહાપાલિકામાં નવા શાસકોએ ચાર્જ સંભાળતા જ આ પ્રશ્ન હાથ પર લીધો હતો, પરંતુ તંત્ર દ્વારા આપવામાં આવેલા મોળા અને હળવા જવાબો સામે વિપક્ષ કોંગ્રેસની સાથે સાથે શાસક પક્ષના કોર્પોરેટરોમાં પણ છૂપો અસંતોષ જોવા મળ્યો હતો.

અગાઉ રાજકોટ મનપા દ્વારા વર્ષ ૧૯૯૨થી ડેવલપ કરવામાં આવેલા પોતાના ઈન-હાઉસ સોફ્ટવેરમાં જન્મ-મરણની કામગીરી ચાલતી હતી. ત્યારબાદ ૧ ઓક્ટોબર ૨૦૨૦થી ગુજરાત સરકારના 'ઈ-ઓળખ' પોર્ટલ પર આ સિસ્ટમ શિફ્ટ કરાઈ હતી. હવે ૨૦૨૫થી આ તમામ કામગીરી કેન્દ્ર સરકારના સીઆરએસ પોર્ટલ પર લઈ જવામાં આવી છે.

જનરલ બોર્ડમાં રજૂ થયેલા સત્તાવાર આંકડાઓ અનુસાર રાજકોટમાં જન્મની કુલ ૧૩.૫૦ લાખ નોંધણીઓ છે, જે તમામ નવી સિસ્ટમ પર દાખલ કરી દેવામાં આવી છે. પરંતુ મરણ નોંધણીની બાબતમાં સ્થિતિ ચિંતાજનક છે. રાજકોટમાં નોંધાયેલી કુલ ૪.૩૫ લાખ મરણ નોંધણીઓ પૈકી માત્ર ૩૫ હજાર એન્ટ્રી જ સીઆરએસ પોર્ટલ પર થઈ શકી છે, જ્યારે ૪ લાખ જેટલી મરણની એન્ટ્રીઓ હજુય પોર્ટલ પર ટ્રાન્સફર કરવાની બાકી છે. આ સિવાય રાજ્ય સરકારના ઈ-ઓળખ પોર્ટલના ૨૦૨૦ થી ૨૦૨૫ સુધીના ડેટા પૈકી અંદાજે ૨ લાખ જેટલી જન્મ-મરણની નોંધણીઓ પણ અપલોડ કરવાની પ્રક્રિયા હેઠળ છે.

ટેકનિકલ પરિબળો અને સુરક્ષા કારણોસર કેન્દ્ર સરકાર દ્વારા ૨૩ મે ૨૦૨૬થી સીઆરએસ પોર્ટલમાં મલ્ટીપલ લોગ-ઈનની સુવિધા બંધ કરી દેવામાં આવી છે, જેના કારણે હવે એક કોમ્પ્યુટરમાં માત્ર એક જ ઓપરેટર લોગ-ઈન થઈ કામ કરી શકે છે. અગાઉ મનપામાં ૬ લોગ-ઈન પર કામ થતું હતું, તેને




બદલે માત્ર ૧ લોગ-ઈન ચાલુ રહેતાં કામગીરી અત્યંત ધીમી પડી ગઈ છે. હાલ દૈનિક માત્ર ૪૫૦ જેટલી એન્ટ્રીઓ થાય છે. જો મનપા સળંગ ૩૬૫ દિવસ કામ કરે અને રોજ ૫૦૦ એન્ટ્રીઓ ઉકેલે, તો પણ વર્ષે માત્ર ૧.૮૨ લાખ એન્ટ્રી થઈ શકે. આ ગણતરી પ્રમાણે બાકી રહેલી ૪ લાખ મરણ એન્ટ્રીનો બેકલોગ પૂર્ણ કરવામાં સળંગ બે વર્ષથી પણ વધુ સમય નીકળી જાય તેમ છે.

આ સિવાય અન્ય સત્તાવાર સ્વીકાર એ પણ કરવામાં આવ્યો છે કે મહાનગરપાલિકાના સિવિક સેન્ટરમાંથી રૂ. ૫૦નો ચાર્જ લઈને આપવામાં આવતી બ્લેક એન્ડ વ્હાઈટ કોપી કે ૨૦૨૦ સુધીના જુના દાખલાઓ કેન્દ્ર સરકારના આધાર વિભાગમાં માન્ય રખાતા નથી. આધાર કાર્ડ પ્રોસેસિંગ માટે માત્ર ચછ કોડ વાળા અને કલર પ્રિન્ટ ધરાવતા સીઆરએસ પોર્ટલના બ્લુ કલરના દાખલા જ ચાલે છે. તંત્ર દ્વારા નાગરિકોને ઇ-મેઇલ મારફતે દાખલા મોકલવામાં આવે છે અને અરજદારે જાતે બહારથી કલર પ્રિન્ટ કઢાવવી પડે છે, તેમાં પણ ૧-૧ મહિના સુધી ઇ-મેઇલમાં દાખલા ન મળતા હોવાની વ્યાપક ફરિયાદો છે.

કોંગ્રેસના કોર્પોરેટર દિપ્તીબેન સોલંકીના પ્રશ્નોના જવાબમાં આરોગ્ય વિભાગે સ્પષ્ટતા કરી હતી કે હોસ્પિટલો દ્વારા રોજેરોજ મોકલવામાં આવતી જન્મ-મરણ નોંધણીને એપ્રુવલ આપવાની કોઈ અરજી પેન્ડીંગ નથી અને તેનો દૈનિક નિકાલ કરાય છે. પરંતુ, જન્મ સમય બાદ બાળકનું નામ ઉમેરવા માટેની (૫ વર્ષ સુધી અને ૫ વર્ષથી વધુ સમયગાળાના સપોર્ટિંગ ડોક્યુમેન્ટ સાથેની) અંદાજે ૧૯૦૦ અરજીઓ અને સીઆરએસ પોર્ટલમાં બાળકનું નામ, પિતાનું નામ તથા અટક સહિતનું પૂરૂં નામ કરાવવા માટેની ૩૮૦૦ જેટલી નવી-જૂની અરજીઓ હાલ પ્રક્રિયા હેઠળ છે.

હાલમાં રાજ્ય કક્ષાએથી એડીશનલ ડિસ્ટ્રિક્ટ રજિસ્ટ્રાર તરીકે એમ.ઓ.એચ. (ખઘઈ) નું સીઆરએસ આઈડી એક્ટિવેશન હેઠળ હોવાનું જણાવાયું છે. જોકે દૈનિક ધોરણે નવી અરજીઓનો ખડકલો થતો હોવાથી અને લોગ-ઈનની મર્યાદા હોવાથી નાગરિકોને સિવિક સેન્ટરોમાં લાંબી લાઈનો અને વિલંબમાંથી ક્યારે મુક્તિ મળશે તે મોટો પ્રશ્ન બન્યો છે.

### ક્રેનથી થશે વિસર્જન, પાણીમાં ઉતરવા પર સંપૂર્ણ પ્રતિબંધ

# ગણેશ વિસર્જન પર સિક્યુરિટી એલર્ટ

### રામવન, આજીડેમ ઓવરફ્લો પાસે ખાણ નં. ૧ અને ૨, ઓવરફ્લો ચેકડેમ (આજીડેમ), પાળ ગામ (જખરાપીર દરગાહ પાસે), ન્યારા પાટિયા અને બાલાજી વેફર્સ સામે (વાગુડડ પાટિયા)



રાજકોટ, તા. ૨૨

રાજકોટમાં ગણેશ વિસર્જનના પવિત્ર પર્વ દરમિયાન કોઈ અપ્રિય ઘટના ન બને અને ભક્તોની આસ્થા સાથે તેમની સુરક્ષા પણ પૂર્ણપણે જળવાઈ રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકા અને ફાયર બ્રિગેડ દ્વારા લોખંડી સલામતી વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. આગામી ૨૫ સપ્ટેમ્બર સુધી ગણેશ વિસર્જનને ધ્યાનમાં રાખીને શહેર અને આસપાસના વિવિધ ૬ સંવેદનશીલ સ્થળોએ સુરક્ષાદળો અને રેસ્ક્યુ ટીમોને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. તંત્ર દ્વારા આ વખતે 'ઝીરો ટોલરન્સ' સિક્યોરિટી પ્રોટોકોલ અમલી બનાવીને તમામ સ્થળો પર ક્રેનની મદદથી જ વિસર્જન કરવાનો સ્પષ્ટ નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજકોટના મુખ્ય ૬ સ્થળોને વિસર્જન માટે ચિહ્નિત કરવામાં આવ્યા છે, જેમાં રામવન, આજીડેમ ઓવરફ્લો પાસે આવેલા ખાણ નંબર ૧ અને ૨, ઓવરફ્લો ચેકડેમ-આજીડેમ, પાળ ગામમાં જખરાપીરની દરગાહ પાસે, ન્યારા પાટિયા પાસે તેમજ બાલાજી વેફર્સ સામે આવેલા વાગુડડ પાટિયાનો સમાવેશ થાય છે. આ તમામ સ્થળોએ સવારે ૮:૦૦ વાગ્યાથી રાત્રે ૮:૦૦ વાગ્યા સુધી ફાયર અને બચાવ દળની ટીમો સતત ખડેપગે રહેશે. પ્રત્યેક સ્થળે ૨૦ થી ૨૨ જેટલા તાલીમબદ્ધ અધિકારીઓ અને સ્ટાફની તૈનાતી કરવામાં આવી છે, જેથી મોટી સંખ્યામાં પહોંચતા શ્રદ્ધાળુઓ વચ્ચે વ્યવસ્થા ખોરવાય નહીં અને દરેક સ્થળે સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં રહે.

કોઈપણ નાગરિક કે શ્રદ્ધાળુ પાણીના ઊંડાણ સુધી પહોંચીને અકસ્માતનો ભોગ ન બને તે માટે તંત્ર દ્વારા પાણીમાં પ્રવેશવા પર સખત પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ માટે દરેક વિસર્જન સ્થળે મજબૂત બેરીકેડિંગ કરી દેવાયું છે. ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર અશોકસિંહ ઝાલાના જણાવ્યા મુજબ, જાહેર જનતા દ્વારા ગણેશજીની વિધિવત પૂજા-અર્ચના કર્યા બાદ મૂર્તિ વિસર્જન માટે સ્થળ પર તૈનાત ટીમને સોંપવાની રહેશે. દરેક સ્થળે ખાસ ૧-૧ ભારે ક્રેનની વ્યવસ્થા કરવામાં આવી છે, જેના માધ્યમથી સુરક્ષિત અને મર્યાદિત રીતે મૂર્તિઓનું જળમાં વિસર્જન કરાશે.

કોઈપણ પ્રકારની કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે તમામ ૬ સ્થળો પર આધુનિક બચાવ સાધનોનો જથ્થો તૈનાત રાખવામાં આવ્યો છે. જેમાં રેસ્ક્યુ બોટ, લાઈફ જેકેટ, લાઈફ રિંગ અને મજબૂત દોરડા સહિતની તમામ ઈમરજન્સી કિટ્સ સ્થળ પર જ ઉપલબ્ધ રહેશે. આ ઉપરાંત, સાંજના સમયે ભક્તોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને તમામ સ્થળોએ હાઈ-પાવર ફલડ લાઈટ્સની રોશની ગોઠવવામાં આવી છે. જેથી અંધારાના કારણે બચાવ કામગીરી કે દેખરેખમાં કોઈ અવરોધ ન આવે અને સમગ્ર વિસર્જન પ્રક્રિયા નિર્વિઘ્ને પૂર્ણ થઈ શકે.

# ઈન્ટરનેશનલ એરપોર્ટઃ કરોડોનો ખર્ચ, ૩ વર્ષ અને 'ઈન્ટરનેશનલ' ફ્લાઈટના નામે શૂન્ય!

### એડવાઈઝરી કમિટીની બેઠક ચર્ચાના નામે 'ઔપચારિકતા' બની જનતા માટે સૌથી મહત્વના ઈન્ટરનેશનલ ફ્લાઈટના મુદ્દે જ સભ્યોનું મૌન

રાજકોટ, તા. ૨૨

રાજકોટના હિરાસર ખાતે કરોડો રૂપિયાના અધધ ખર્ચે તૈયાર થયેલું અને વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેક્ટ ગણાતું ઈન્ટરનેશનલ ગ્રીનફીલ્ડ એરપોર્ટ શરૂ થયે ત્રણ-ત્રણ વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં, હજુ સુધી અહીંથી એકપણ આંતરરાષ્ટ્રીય ફલાઈટ ઉડાન ભરી શકી નથી. રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રના હવાઈ મુસાફરો, એનઆરઆઈ પ્રવાસીઓ, પ્રવાસન ક્ષેત્રના ટૂર-ટ્રાવેલ ઓપરેટરો, ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જતા વિદ્યાર્થીઓ તેમજ 'ચેમ્બર ઓફ કોમર્સ' સહિતના વેપારી અને ઔદ્યોગિક સંગઠનો લાંબા સમયથી રાજકોટથી સીધી ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ થાય તેની આતુરતાપૂર્વક ઝંખના કરી રહ્યા છે.

આવા મહત્વના સમયે, એરપોર્ટની સુવિધાઓ અને હવાઈ સેવાઓને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી સોમવારે એરપોર્ટના કોન્ફરન્સ હોલ ખાતે એરપોર્ટ એડવાઈઝરી કમિટીની બેઠક યોજાઈ હતી. સાંસદ અને કમિટીના ચેરમેન પરસોતમ રૂપાલાના અધ્યક્ષસ્થાને મળેલી આ બેઠકમાં રાજ્યસભાના સાંસદ કેસરીદેવસિંહ ઝાલા, એરપોર્ટ ડિરેક્ટર દિગંત બારોટ, કમિટી મેમ્બર્સ ગોપાલભાઈ ઉનડકટ, મિહિરભાઈ મણિયાર, નારેશભાઈ પાચાણી, એરલાઈન્સ કંપનીના મેનેજર લોયડ પ્રિન્ટો અને ક્રિષ્ના ચતુર્વેદી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પરંતુ અફસોસની વાત એ છે કે, આટલા મોટા ગ્રીનફીલ્ડ એરપોર્ટ પરથી ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ શરૂ કરવા માટે કેન્દ્રના નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા હજુ સુધી એપ્રુવલ કેમ નથી મળ્યું,



કે ક્યારે મળશે-તેવા સૌથી મહત્વપૂર્ણ મુદ્દા પર બેઠકમાં હાજર એકપણ મેમ્બરે પૂછપરછ કરવાની તસ્દી સુદ્ધાં લીધી નહોતી. સમગ્ર સૌરાષ્ટ્ર જે પ્રશ્નનો જવાબ ઝંખી રહ્યું છે, તે જ મુદ્દો બેઠકમાં ગાયબ રહેતા આ એડવાઈઝરી બેઠક માત્ર૮જ (સામાન્ય) પ્રશ્નોની ચર્ચા સાથે સંપન્ન થઈ હતી, જેના કારણે હજુ પણ ઈન્ટરનેશનલ ફ્લાઈટ ક્યારે શરૂ થશે તે બાબતે ઘેરી અનિશ્ચિતતા અને પ્રશ્નાર્થચિહ્ન ઊભા થયા છે.

આ બેઠકમાં ઈન્ટરનેશનલ ફ્લાઈટ સિવાય સ્થાનિક મુસાફરોની સુવિધા અંગે કેટલીક ચર્ચાઓ કરવામાં આવી હતી. મસમોટા ટર્મિનલ બિલ્ડિંગમાં પ્રવાસીઓ માટે પીકઅપ અને ડ્રોપ માટે માત્ર એક જ એન્ટ્રી હોવાથી, જ્યારે એકસાથે બે ફ્લાઈટનું આગમન થાય છે ત્યારે મુસાફરોની લાંબી કતારો લાગી જાય છે. આ બાબતે કમિટી દ્વારા એરપોર્ટ ઓથોરિટીને તાકીદે કાર્યવાહી કરી પીકઅપ અને ડ્રોપ માટે અલગ-અલગ વ્યવસ્થા કરવા સૂચન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, વેપાર-ઉદ્યોગ માટે અતિ મહત્વપૂર્ણ એવા કાર્ગો વિભાગ માટે જૂના ટર્મિનલમાં ચાલી રહેલી કામગીરીને વધુ ગતિશીલ બનાવવાની પણ વિચારણા હાથ ધરવામાં આવી હતી. કરોડોના ખર્ચે બનેલું આ એરપોર્ટ માત્ર કાગળ પર 'ઈન્ટરનેશનલ' રહેશે કે પછી પ્રજાની વાસ્તવિક માંગણીઓને ધ્યાને રાખીને સ્થાનિક નેતાઓ અને અધિકારીઓ કેન્દ્રીય મંત્રાલય સમક્ષ યોગ્ય રજૂઆત કરશે, તે હવે જોવું રહ્યું.

# કાગળ પર ગુણવત્તા, રસ્તા પર ખાડા

### બે વર્ષમાં ડામર-બ્લોકના ૪૧ સેમ્પલ ફેલ, પણ 'માફ' થયેલી દંડની રકમ પર તંત્રએ સાધ્યું મૌન



રાજકોટ, તા. ૨૨

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ ૧૮ વોર્ડમાં હાથ ધરવામાં આવતા કરોડો રૂપિયાના વિકાસકામોની ગુણવત્તા ચકાસવા માટે વિજિલન્સ શાખા દ્વારા અવારનવાર ચેકિંગ કરવામાં આવે છે. તાજેતરમાં જ જનરલ બોર્ડની બેઠકમાં રજૂ કરાયેલા વિજિલન્સ વિભાગના છેલ્લા બે વર્ષના અહેવાલે મનપાના કારોબારની પોલ ખોલી નાખી છે. શહેરમાં બનતા રોડ-રસ્તા, ડામરકામ, પેવિંગ બ્લોક અને કોંક્રિટના કામોમાં મોટા પાયે નબળી કામગીરી થતી હોવાનું વિજિલન્સ ચકાસણીમાં સામે આવ્યું છે. પરંતુ આશ્ચર્યજનક રીતે, દંડ ફટકારવાના દાવાઓ વચ્ચે કઈ એજન્સીઓને કેટલી પેનલ્ટી માફ કરી દેવામાં આવી તેના આંકડા તંત્ર દ્વારા છુપાવવામાં આવતા મોટો વિવાદ સર્જાયો છે.

જનરલ બોર્ડમાં વોર્ડ નં.૯ના મહિલા કોર્પોરેટર જાનકીબેન કાટોળિયા દ્વારા વિજિલન્સ શાખા દ્વારા કરાતી કામગીરી, જુદા જુદા કામોમાંથી લેવાયેલા સેમ્પલ અને તેમાં નિષ્ફળ ગયેલા સેમ્પલ સામે એજન્સીઓ કે કોન્ટ્રાક્ટરો સામે કરાયેલી કાર્યવાહી અંગેની વિગતો માંગવામાં આવી હતી. આ પ્રશ્નના જવાબમાં મનપા તંત્ર દ્વારા જે આંકડાકીય વિગતો જાહેર કરાઈ તે મુજબ, છેલ્લા બે વર્ષમાં એટલે કે ૧ સપ્ટેમ્બર ૨૦૨૪થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન ડામરકામના એકત્ર કરાયેલા કુલ ૩૨૦૪ સેમ્પલમાંથી ૩૦ સેમ્પલ ફેલ જાહેર થયા છે. તેવી જ રીતે, પેવિંગ બ્લોકના લેવાયેલા ૪૨૯ સેમ્પલમાંથી ૧૧ સેમ્પલ ગુણવત્તાના ધોરણો પર નિષ્ફળ નીવડ્યા છે. આ ઉપરાંત, સ્ટીલ બાર્સના ૨૧૧ સેમ્પલમાંથી ૮ સેમ્પલ ફેલ થયા હોવાનું ખુલ્યું છે.

સૌથી વધુ ગંભીર બાબત કોંક્રિટના કામોમાં સામે આવી છે. તંત્રના જણાવ્યા અનુસાર, કોંક્રિટ કામમાંથી લેવાયેલા ૨૫૭૪ ક્યુબ સેમ્પલમાંથી ૧૬૫ સેમ્પલ ફેલ થયા હતા. આ પૈકી ૩૭ ક્યુબના સેમ્પલ ફેલ થતાં ૨૩ સ્થળોએ નબળું કામ તોડી પાડીને નવેસરથી કન્સ્ટ્રક્શન કરવાની ફરજ પડી હતી. વિજિલન્સ તંત્ર દ્વારા નબળા ડામર અને પેવિંગ બ્લોકના કામ બદલ દોઢ કરોડથી વધુની પેનલ્ટી ફટકારવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ડામરકામમાં ૧૦૫ ટોલરન્સમાં ₹ ૩૯,૫૪,૫૪૨ ની પેનલ્ટી, પેવિંગ બ્લોકમાં ₹ ૧,૧૦,૨૬,૭૩૧ ની દંડનીય રકમ તથા કોંક્રિટ કામોમાં ₹ ૨૨,૭૧,૮૪૦ ની પેનલ્ટી કરવામાં આવી હોવાનું જણાવાયું છે.

જોકે, આ સમગ્ર મામલે મુખ્ય વિવાદ એ વાતે ઘેરો બન્યો છે કે અવારનવાર નબળું કામ કરનાર એજન્સીઓ અને કોન્ટ્રાક્ટરો સામે કડક કાનૂની પગલાં લેવા કે તેમને બ્લેકલિસ્ટ કરવાના બદલે કેટલીક રકમની પેનલ્ટી માફ કરી દેવામાં આવે છે. અધિકારીઓ અને ભ્રષ્ટ એજન્સીઓની સાઠગાંઠના કારણે કઈ એજન્સીને કેટલી પેનલ્ટી માફ કરવામાં આવી તે અંગેના ચોક્કસ આંકડા જાહેર કરવામાં આવ્યા નથી. તાજેતરમાં જ કટારીયા ચોકડી પાસે વીજળીની કામગીરીમાં ગંભીર ગેરરીતિ બદલ મ્યુનિસિપલ કમિશનર દ્વારા બે અધિકારીઓને સસ્પેન્ડ કરાયા હતા અને બેને નોટિસ અપાઈ હતી. ત્યારે હવે રોડ-રસ્તા અને સીસી કામોમાં હલકી ગુણવત્તાનું કામ કરી પ્રજાના ટેક્સના નાણાંનો વ્યય કરનાર એજન્સીઓ સામે માત્ર કાગળ પરની પેનલ્ટી દર્શાવવાને બદલે પારદર્શક તપાસ થાય તેવી માંગ ઉઠી રહી છે.